Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૩૪ • તા.૧૭થી ૨૩ ઑગસ્ટ ૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## જ્ઞાતિના વિદ્વાન વીરચંદ ધરમશીના પુસ્તક 'ભગવાનલાલ ઇન્દ્રજી : ભારતીય પુરાતત્વના આદિ પુરુષ' ને સ્ટેન્ડિંગ ઑવેશન !









ઉપરની તસવીરમાં વીરચંદ ધરમશી પુસ્તક અંગે પ્રાથમિક માહિતી આપી રહ્યા છે. બેઠેલા વલ્લભ વિદ્યાનગરના ડૉ. હેમંત દવેએ પુસ્તકની વીશદ્ છણાવટ કરી. (અહેવાલ સાતમાં પાને.)

ડાબેની તસવીરોમાં પુસ્તકની મુખ્ય અંગ્રેજી આવૃતીના દોઢ વર્ષ પહેલા દિલ્લીમાં થયેલા લોકાર્પણ વખતે ઉપસ્થિત દેશ-વિદેશના ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષયના વિદ્વાનો .

## હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ...



**સૌ. ચેતના હિતેશ શાહ (મોમાયા)**
(જખૌ - જલગામ)

બૅડમિંટન રમતની ૩૫ પ્લસ વયોગટ માટેની તુર્કસ્તાનમાં અંકારામા સપ્ટેંબર ૨૦૧૩ માં આયોજિત આંતરરાષ્ટ્રીય વિશ્વચષક સ્પર્ધામાં ભાગ લેનારી ભારતીય ટીમમા એક ખેલાડી સદસ્ય તરીકે સૌ. ચેતનાએ પસંદગી મેળવી છે. ક.દ.ઓ. જૈન જ્ઞાતિની એક મહિલામાટે આ ગૌરવાસ્પદ ઉપલબ્ધી છે. તે માટે તેઓને અમારા હાર્દિક અભિનંદન !

અંકારામા આયોજીત સ્પર્ધામા ભાગ લેવા તેઓ ૭ સપ્ટેંબર ૨૦૧૩ ના પ્રયાણ કરશે. તેઆનો વિદેશ પ્રવાસ સુખપ્રદ બની રહે અને તેઓ અંકારામા આયોજીત સ્પર્ધામા સર્વોત્કૃષ્ટ રમત રમીને ગુણવત્તાથી શ્રેષ્ઠ પુરવાર થઈને સન્માનપૂર્વક સિધ્દી પ્રાપ્ત કરે એવી શુભકામનાઓ અમો હૃદયથી વ્યક્ત કરીયે છીએ.

શુભેચ્છકો

હંસરાજ કલ્યાણજી શાહ (મોમાયા) પરિવાર
જખૌ - જલગામ

શિવજી તેજપાલ લોડાયા પરિવાર
કોઠારા - ચાલીસગામ

સૌજન્ય : નવકાર સેલ્સ્

લ્યુમિનસ પ્રોડકટસના અધિકૃત વિતરક
જલગામ - ૪૨૫ ૦૦૧

LUMINOUS

# શ્રી સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલી દ્વારા બીજી રક્તદાન અને નેત્ર તપાસણી શિબિર



દિપ પ્રગટાવતા મહાનુભાવો



મહાકાળી માતાજીને ચુંદડી અર્પણ
તથા હારારોપણ કરતા મહાનુભાવો



શ્રી હિતેશ નાગડાના હસ્તે દાતા પરિવારવતી
સન્માન સ્વીકારતા શ્રી અરવિંદભાઇ લોડાયા



કોંગ્રેસ કચ્છી ગુજરાતી સેલના પ્રમુખ શ્રી ભરતભાઇ
ધનાણીનું સન્માન કરતા શ્રી જયેશ લોડાયા



કોંગ્રેસ કચ્છી ગુજરાતી સેલના ઉપપ્રમુખ
શ્રી વિજયભાઇ દવેનું સન્માન કરતા રાજીવ ધરમશી



કોંગ્રેસ કચ્છી ગુજરાતી સેલના પદાધિકારીઓનું
સન્માન કરતા શ્રી સ્વસ્તિક ગ્રુપના કાર્યકરો



શ્રી શૈલેષભાઇ ખોનાનું સન્માન કરતા
ગ્રુપના શ્રી ગૌતમ ધુલ્લા



શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના પદાધિકારીઓનું
સન્માન કરતા શ્રી સ્વસ્તિક ગ્રુપના પ્રમુખશ્રી



કોંગ્રેસના કાર્યકર શ્રી સૌબેન્દ્રભાઇ ભોઇરનું
સન્માન કરતા શ્રી સ્વસ્તિક ગ્રુપ તથા મહાનુભાવો



બ્લડ ડોનેશન કેમ્પનું નિરિક્ષણ કરતા
શ્રી ભરત ધનાણી તથા પદાધિકારીઓ



બ્લડ ડોનેશન કરતા રક્તદાતા



રક્તદાન બાદ શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા
દરેક રક્તદાતાને વિશેષ ભેટ અને પ્રમાણપત્ર



આંખોનું ચેકઅપ કરાવતા જ્ઞાતિજનો



સેવા બ્લડ બેન્કના ડૉક્ટર તથા તેમની ટીમ



વાસન આઇ કેરની ટીમ તથા
શ્રી સ્વસ્તિક ગ્રુપની ટીમ

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 34/2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# જૈનોને અલ્પસંખ્યકોનો દરજ્જો મળે તે બાબત વિશેષ જાગૃતિ જરૂરી...

આપણામાંથી મોટા ભાગના લોકો મુસ્લિમો દ્વારા મોટા પ્રમાણમાં અને ખ્રીસ્તીઓ દ્વારા ઠીક ઠીક ગણી શકાય તેવા પ્રમાણમાં ભારતીય બંધારણમાં અલ્પસંખ્યક (ધર્મ, ભાષા કે સભ્યતા)ને મળતા લાભોનો ફાયદો ઉઠાવવાની ઈર્ષ્યા કે ટીકા કરતા હોય છે. પણ જૈનો અલ્પસંખ્યક છે અને તેમણે પોતાના ધર્મ, પરંપરા અને અસ્મિતા બચાવવા બંધારણમાં દર્શાવ્યા પ્રમાણે અલ્પસંખ્યકને મળતા લાભ મેળવવાજ જોઇએ એ બાબત ખાસ જાગૃત નથી.

વિવિધસ્તરે કેટલાક જૈન સંગઠનો આ બાબત સક્રિય છે અને તેમની જહેમતથી ટૂંકમાં કેન્દ્ર સરકાર અને બધી રાજ્ય સરકારો જૈનોને અલ્પસંખ્યક ધર્મ સમુદાયનો દરજ્જો આપે તેવી શક્યતા છે એ તથ્યના પ્રકાશમાં, જૈનો માટે અલ્પસંખ્યક ધાર્મિક સમુદાય ગણાવવાની શી જરૂર છે અને તેનાથી જૈન વિશેષતા અને અસ્મિતા બચાવવા શું ફાયદો મળશે તે જાણવું જરૂરી છે.

મહારાષ્ટ્રના અમરાવતી નગરની ધનરાજ લેન ખાતે ગુરુકૃપા બિલ્ડીંગમાં પોતાનું કાર્યાલય ધરાવનાર ભારતીય જૈન સંઘટના (ફોન : ૦૭૨૧-૨૫૭૫૪૩૭) આવી જાગૃતિ આણનારું એક સંગઠન છે. તેના વર્ષ ૨૦૧૨-૨૦૧૪ના અધ્યક્ષ (પ્રેસીડંટ) માંગીલાલજી ગોલછા (મો : ૯૮૨૨૨૩૨૬૯૨) અને સચિવ (સેક્રેટરી), મહેન્દ્ર હસ્તીમલજી ભંસાલી (મો : ૯૮૯૦૪૫૨૬૨૭) છે.

આ સંગઠને જૈન સમુદાયને અલ્પસંખ્યક સમુદાયનો દરજ્જો મળવા-લેવા બદલ જાગૃતિ આણવા પ્રકાશિત કરેલ પત્રિકાના મુખ્ય મુદ્દા સૌ જૈનોએ જાણવા જેવા છે.

આમ તો છેક ૧૯૦૧થી શરૂ થયેલ વસતી ગણતરીમાં પહેલેથી જૈનોને અલગ ગણવામાં આવ્યા છે પણ વસતી ગણતરી કરનાર અને તે સંબંધે પ્રતિભાવ આપનાર જૈનોમાં જાગૃતિ ન હોવાથી જૈનો ૧૯૯૧ની વસતી ગણતરીમાં પારસીઓ (૦.૦૧%)ની જેમ (૦.૦૪) જેટલા એટલે કે અલ્પસંખ્યકોમાં પણ અતિ અતિ અલ્પ સંખ્યક ગણાય તેટલી સંખ્યામાં ગણાય.

ઈ.સ.૨૦૦૧ અને ૨૦૧૧ની વસતિગણતરી થઇ તે વખતે જૈનોએ વસતિગણતરીમાં પોતાને જૈન તરીકે જ ઓળખાવવા જોઇએ એવી ઝુંબેશ ચલાવવામાં આવી પણ તેના પરિણામે એકંદરે ટકાવારીમાં માત્ર (૦.૦૧%) વધી (૦.૦૫%)સુધી પહોંચી છે. તેથી, એકંદર સ્થિતિ તેવી જ છે.

ઈ.સ.૨૦૦૬માં સુપ્રિમ કોર્ટે પોતાના એક ચુકાદામાં નિશ્ચિતપણે (અવિવાદિત રૂપે) જૈન ધર્મ હિંદુ ધર્મથી અલગ છે એ વાત માન્ય કરી તેથી પણ જૈનોમાં પોતાની અસ્મિતા અને વિશેષતા પ્રત્યેક જાગૃતિ આવી છે.

ભારતીય બંધારણની કલમો ૨૫ થી ૩૦ દરેક અલ્પ સંખ્યક ધર્મના અનુયાયીઓને પોતાના ધર્મ તથા સંસ્કૃતિની રક્ષા કરવાનો અધિકાર, શિક્ષણ સંસ્થા સ્થાપવા તથા તેમનું સંવર્ધન કરવાનો અધિકાર, ધાર્મિક શિક્ષણ અને આરાધનાનો અધિકાર, ધર્મની અભિવૃદ્ધિ માટે ફાળા ઉઘરાવવાનો અધિકાર , જંગમ અને સ્થાવર મિલકત મેળવવા તથા તેની માલિકી રાખવા અને નિયમ

**પ્રકાશ-સમીક્ષાનું નવું ઇ-મેઇલ એડ્રસ**

**kdoprakash@gmail.com**

*હવેથી 'પ્રકાશ-સમીક્ષા' માટે પ્રકાશિત કરવાની વિગત ઉપરોક્ત ઈ-મેલ પર મોકલવા સૌને વિનંતી છે. નવું ઈ-મેઈલ એડ્રસ નોંધી લેશોજી. જુનું મેલ એકાઉન્ટ બંધ છે. કમ્પ્યુટર નેટ માધ્યમે મોકલનારે ફોન/પત્ર દ્વારા પણ સંપર્ક કરી જણાવવું.*

કાયદા પ્રમાણે તેના વહીવટનો અધિકાર અપાયેલ છે.

આ અંગે જાગૃતિ ન હોવાથી આજે જૈન મંદિરો લૂંટાઇ રહ્યા છે, જૈન ભગવાનોની મૂર્તિઓ ખંડિત થઇ રહી છે. જૈન સંતો પર જાન લેવા હુમલા થઇ રહ્યા છે.

જૈનો માટે અલ્પસંખ્યકનો દરજ્જો શા માટે જરૂરી છે એ વિશે આટલી વાત કર્યા પછી અલ્પસંખ્યક જાહેર થાય તો જૈનોને શું લાભ મળશે તે જાણીએ.

• જો જૈનોને અલ્પસંખ્યકનો દરજ્જો મળે તો રાજ્ય સરકારો અને રાજ્યો દ્વારા સ્થાપિત ડેવલપમેન્ટ ઓથોરીટી નવી કોલોનીઓના વિસ્તારોને મંજૂર કરતી વખતે જેમ મસ્જિદો, ગુરુદ્વારા, બુધ્ધ વિહાર અને ચર્ચો માટે જમીન ઉપલબ્ધ કરાવી આપે છે તેમ જૈનોના મંદિરો માટે પણ ઉપલબ્ધ કરાવશે.

• અલ્પ સંખ્યકનો દરજ્જો મળ્યા પછી રાજ્યની વિધાનસભાઓ, પબ્લિક સર્વીસ કમિશન અને બીજા મહત્વના કમિશનોમાં જૈન વ્યક્તિઓની નીમણૂક થશે.

• અલ્પસંખ્યકનો દરજ્જો મળ્યા પછી જૈનો દ્વારા સ્થપાતી શિક્ષણ સંખ્યાઓ માટે રાજ્ય સરકારો રાહત દરે જમીનો ઉપલબ્ધ કરવાશે.

• સામાન્યરીતે અનુદાનવાળી શાળાઓમાં શિક્ષકની નીમણૂક કરવી હોય તો સરકારનું શિક્ષણ ખાતું કરે તેમ કરવું પડે છે પણ જો અલ્પ સંખ્ય તરીકે માન્યતા મળી હોય તો જૈન શિક્ષણ સંસ્થા પોતાની મરજી મુજબના શિક્ષક નીમી શકશે. તે છતાં અનુદાન મેળવવામાં વાંધો નહીં આવે. તેવી જ રીતે કોઇ કારણસર શિક્ષકોને નોકરી પરથી કાઢવા પડ્યા તો પણ તે અંગે કાનૂની અડચણ નહીં આવે.

• ભારત સરકારનું કાનૂન મંત્રાલય દરેક અલ્પસંખ્યક ધર્મ સંબંધી ખટલાઓમાં રજૂઆતો માટે અદાલતોમાં સરકારી વકીલોની નીમણૂક કરે છે. તેમાં અલ્પસંખ્યક તરીકેના અધિકારમાન્ય હોય તો તે જ ધર્મના સરકારી વકીલની સેવા મળે છે. જૈનોને માટે જૈન વકીલની એમ.

• ભારત સરકાર અલ્પસંખ્ય ધર્મ-જાતિના લોકોને કોઇ ભેદભાવ અત્યાચાર, શોષણ ધાર્મિક સંપત્તિ કે તીર્થ પર અતિક્રમણ વગેરે તકલીફો ન પડે તે માટે અલ્પસંખ્યક કમિશન અને મંત્રાલય ચલાવે છે. જો જૈનો અલ્પસંખ્યક ધર્મ સમુદાય જાહેર થાય તો તેમને આ સુરક્ષા મળી શકે.

• કેન્દ્ર સરકાર અલ્પસંખ્યક સંબંધિત મામલાઓનું ઝડપથી નીવારણ થાય તે માટે દરેક રાજ્યમાં ખાસ વિભાગ રાખે છે. જો જૈનો અલ્પસંખ્યક ધર્મ સમુદાય જાહેર થાય તો તેમને પણ આનો લાભ મળી શકે.

• રાષ્ટ્રીય અલ્પસંખ્યક કમિશન કે રાજ્યના અલ્પસંખ્યક કમિશન દરેક અલ્પસંખ્યક જાહેર થયેલ ધર્મના પ્રતિનિધિને પોતાનામાં સ્થાન આપે છે. જો જૈનો અલ્પસંખ્યક જાહેર થયા હોય તો એવો લાભ મળી શકે.

• અલ્પસંખ્યક જાહેર થયેલા ધર્મના કોઇ મિલકતનું સરકાર અધિગ્રહણ નથી કરતી અને એવું થાય તો સરકારને તે માટે ખાસ અધિકારી નિયુક્તિ કરીને તેને મુક્ત કરાવે છે.

• સરકારી ભરતીની કોઇ પરીક્ષા અલ્પસંખ્યક જાહેર થયેલા ધર્મની રજાના દિવસે નથી થતી.

• અલ્પસંખ્યક જાહેર થયેલા ધર્મોના ધાર્મિક સ્થળોને ઉપદ્રવથી નુકસાન પહોંચે તો સરકાર તેને પોતાના ખર્ચે રીપેર કરાવે છે.

• બેંકો પણ અલ્પસંખ્યક જાહેર થયેલાને ઓછા દરે કર્જ આપે છે તથા તેના રોકાણ પર વધુ બ્યાજ આપે છે.

• સરકાર દ્વારા ચલાવાની ૧૫ સૂત્રીય યોજનામાં અલ્પસંખ્યક ગરીબોને ભણાવા માટે રોકડા તેમજ બીજી સહાયથી માંડી ઘરની સુવિધા છે.

• આવકવેરામાં પણ અલ્પસંખ્યક જાહેર થયેલાઓને કેટલીક છૂટ મળે છે.

• અત્યારે અદાલત સમક્ષ આવતા જૈનોના કેસ હિંદુ કાયદા પ્રમાણે ચાલે છે પણ જો જૈનો અલ્પસંખ્યક જાહેર થાય તો ભદ્રબાહુ સંહિતાના આધારે ઘડેલા જૈન કાયદા પ્રમાણે કેસ ચલાવવાની કાર્યવાહી કરી શકે છે.

• એકંદરે જોઇએ તો આગવી જૈન ઓળખની જાળવણી માટે જૈનોનું અલ્પસંખ્યંક ધાર્મિક સમુદાય જાહેર થવું વધુ યોગ્ય અને આવશ્યક છે.


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786



**મેનેજર જોઇએ છે**

**પંચગની સેનેટોરીયમ માટે મેનેજરની જરૂર છે. ઇચ્છુકોએ મુંબઇમાં ફોન નં : 08879677708 પર સંપર્ક કરવા વિનંતી છે.**

॥ જય શ્રી સચ્ચા મા ॥

॥ જયશ્રી પોડસા દાદા ॥ ॥ જયશ્રી ક્ષેત્રપાલ દાદા ॥

# વિકમશી નુખના
# શ્રી સચ્ચા માતાજીની સમૂહ પહેડી

**વિકમશી નુખના સર્વે ભાવિકોને જણાવતાં સહર્ષ આનંદ થાય છે કે, માતાજીની સમૂહ પહેડી તા.૧૩.૧૦.૨૦૧૩ (વિજયાદશમી)ના શુભ મુર્હુતેને મુંબઈ મધ્યે આયોજીત કરેલ છે.**

**સ્થળ**

**સક્કર પંચાયત હૉલ, ૧૮/૧, આર. એ. કીડવાઇ રોડ,**
**વડાલા (વે), મુંબઇ – ૪૦૦ ૦૩૧**
**તા.૧૩.૧૦.૨૦૧૩ના સવારે ૮.૩૦ થી ૨.૦૦**

- કુંટુબના બાળકો જેમણે અભ્યાસ તેમજ અન્ય ક્ષેત્ર વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરેલ હોય, ઉચ્ચ ગુણાંક ઉત્તીર્ણ થયા હોય તેમણે વિગત તથા પરિણામની નકલ મોકલવા વિનંતી.
- ‘પિતા’ (બાપુજી, અધ્ધા, પપ્પા) વિષય ઉપર ૧૫૦થી ૨૦૦ શબ્દનો નિબંધ પોતાના વિચાર / મંતવ્યો લખી મોકલવા વિનંતી.
- વિકમશી નુખની સર્વે દીકરી/નિયાણી બહેનોને આ પ્રસંગે પધારવા આગ્રહભર્યું આમંત્રણ છે.
- આપ કેટલા જણ પધારશો તે અગાઉથી જાણ કરવા વિનંતી છે.

**-: સંપર્ક :-**



**નિલેશ કરમશી વિકમશી – 9820782431**
**અખિલેશ ધનજી વિકમશી – 9819827280**

**-: પત્રવ્યવહાર સંપર્ક :-**
**શ્રી કાંતિભાઇ કરમશી વિકમશી**
**૪૧૨, મેકર ચેમ્બર્સ નં.૫, પ્લોટ નં.૨૨૧,**
**નરીમાન પોઇન્ટ, મુંબઇ–૪૦૦૦૨૧**



**E-mail : kantikaramsey@vsnl.net • akhileshdv@gmail.com**

**(નોંધ : આપના પત્રો / ઇ-મેલ તા.૩૦.૯.૨૦૧૩થી પહેલા મોકલવા વિનંતી છે.)**

**• નિમંત્રક •**

## શ્રી વિકમશી પરિવાર સચ્ચામાં સમુહ પહેડી સમિતિ

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### એક વ્યક્તિ એક જ સમયે બે જ્ઞાતિઓના સભ્યપદે રહી શકે ?

પ્ર.સ.ના. અંક નં.૩૧ (તા.૨૭ જુલાઇથી ૦૨ ઑગસ્ટ ૧૩માં ''અન્ય સમુદાયમાં પરણેલી દીકરીઓને...'' એ શીર્ષક હેઠળના લેખમાં શ્રી ચંદ્રસેન મોમાયાએ રજૂ કરેલા વિચારો આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન આપનારા હોઇ મૂળેથી જ ખારિજ (રદબાતલ) કરવા યોગ્ય છે. આપણી દીકરીઓ અન્ય જ્ઞાતિમાં પરણવાને કારણે જ્ઞાતિને જે નુકસાન થાય છે તે આખો અલગ વિષય છે. પણ અન્ય જ્ઞાતિમાં પરણ્યા પછી મૂળ જ્ઞાતિમાં અધિકારો માગવાની વાત સમજમાં આવતી નથી.

એક નવી જ્ઞાતિ અને એક મૂળ જ્ઞાતિ એમ બંને જ્ઞાતિમાં અધિકારો ભોગવવાની વાત વ્યાવહારિક પણ નથી. અન્ય જ્ઞાતિમાં પરણવાની (મૂળ) જ્ઞાતિએ કંઇ ફરજ તો પાડી નથી. લગ્ન એક અંગત મામલો છે અને ક્યાં પરણવું કે ક્યાં ન પરણવું એ બાબતમાં જ્ઞાતિ મહાજન કંઇપણ દખલ દેતું નથી. એટલે મહાજન પાસેથી અધિકારો માગી શકાય નહિ અને મહાજન એવા અધિકારો આપી પણ ન શકે. એક વ્યક્તિ એક જ સમયે બે જ્ઞાતિઓના સભ્યપદે રહી ન શકે.

લોહાણા જ્ઞાતિમાં પરણનાર આપણી દીકરીને એક જ સમયે લોહાણા જ્ઞાતિ તેમજ દશા જ્ઞાતિ એમ બંને જ્ઞાતિના અધિકારો મળી ન શકે. અન્ય જ્ઞાતિમાં પરણનાર દીકરીને એના પતિની જ્ઞાતિના જ અધિકારો મળી શકે.

પોતાની દીકરીઓને અન્ય જ્ઞાતિમાં પરણાવનારા કે સ્વેચ્છાએ અન્ય જ્ઞાતિમાં પરણી જનાર દીકરીઓને તેમનાં મા-બાપ ક્યા અધિકારો આપે છે ? એક કુટુંબમાં ચાર દીકરા અને એક દીકરી હોય, વળી એ દીકરીના પિતા પાસે દસ લાખની પ્રોપર્ટી હોય તો એમાંથી દીકરીના લગ્ન વખતે બે લાખની પ્રોપર્ટી દીકરીને એનાં મા-બાપ આપે છે ? જો એના પિતા પાસે પાંચ બ્લોક હોય તો એક બ્લોક દીકરીને આપે છે ? કાયદો કહે છે કે પિતાની મિલકતમાંથી દીકરીને પણ સરખો હિસ્સો આપવો. પણ કેટલા મા-બાપ આ કાયદાનું પાલન કરે છે ? મા-બાપ પોતે દીકરીને અધિકારો આપે નહિ ને મહાજન પાસેથી અધિકારોની અપેક્ષા રાખે એ ક્યાંનો ન્યાય ?

અન્ય જ્ઞાતિમાં પરણનાર અમુક દીકરીઓ ત્યાંના વાતાવરણથી ખુશ નથી એટલે તેમને પોતાની મૂળ જ્ઞાતિ યાદ આવે એ સ્વાભાવિક છે. કૌટુંબિક પ્રસંગોએ મૂળ જ્ઞાતિમાં આવ-જા થતીજ હોય છે. પહેડી-પ્રસાદ વખતે પણ નિયાણીઓને બોલાવવામાં આવે છે. વધુ શું જોઇએ ?

ભૂ.પૂ. નાની ન્યાતની અન્ય સમુદાયોમાં પરણેલી દીકરીઓને પણ અધિકારો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે. આમ ગૂંચવાડો વધશે. એક અન્ય જ્ઞાતિ (ગોરજીની જ્ઞાતિ)ને દશા જ્ઞાતિમાં સમાવી લેવાની અરજી દશા જ્ઞાતિ મહાજન સમક્ષ પડેલી જ છે. (ઉપરોક્ત જ્ઞાતિએ આવી જ અરજી ભૂ.પૂ. નાની નાત મહાજનને પણ કરી હતી.) મહાજન કેટલે સુધી પહોંચી શકશે ?

**ગાંધીધામ-૯.૮.૧૩ શામજી પદમશી છેડા**

*(**તંત્રી નોંધ :** શ્રી ચંદ્રસેન મોમાયાના લેખમાં અન્ય જ્ઞાતિમાં પરણેલી આપણી દીકરીઓને આપણી જ્ઞાતિમાં ફક્ત નોમિનલ સભ્ય (મતાધિકાર જેવા અધિકારોથી વંચિત) બનાવવાનું સૂચન કરવામાં આવ્યું હતું.)*

### જીવદયાક્ષેત્રે વાપરવાની જરૂર

જૈન જગત દેવદ્રવ્યક્ષેત્રે સાવધાન થાય તે સમયનો તકાદો છે. સં.૨૦૦૫ની અત્યાર સુધી ગુજરાત રાજ્યમાં ૨૫૮ જેટલા જૈન મંદિરો લાખોની ચોરીઓ થઇ છે. જેમાંથી માંડ ૧૪ કે ૧૫ ચોરીઓની ભેદ ઊકેલાયો છે. ૨૦ જેટલા કિસ્સામાં રૂ.૯ લાખ ઉપરની વધારેની રકમના ચાંદી-સોનાના આભૂષણો અને રોકડની ચોરીઓની નોંધ થઇ છે. હાલમાંજ વર્ધમાનનગર (ભુજ) અને માંડવી જૈન આશ્રમનાં દેરાસરમાંથી પણ ચોરી થઇ છે. કાશ, સદર રકમો જીવદયા, પશુરક્ષા યા પાંજરાપોળો-ઢોરવાડા વિગેરમાં ખર્ચ થઇ હોત યા મેડીકલ ક્ષેત્રે કે એજ્યુકેશન ક્ષેત્રે ઉપયોગમાં લેવાઇ હોત તો સમાજ ભગવાન મહાવીરના સાચા પંથે ચાલી રહ્યાનું સાર્થક લેખાત. હવે પર્યુષણ પર્વ ટુંકમાંજ ચાલુ થશે. ત્યારે સાધુ-સાધ્વીજીએનો પણ હાર્દિક અપીલ છે કે સમાજનું ધન હવે સમાજસેવા અને જીવરક્ષા ક્ષેત્રે વધુ વપરાય તેવી પ્રેરણા કરે.

જિન આજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય કે ચુસ્ત ધાર્મિક પરિવારોની ભાવના દુભાઇ હોય તો મિચ્છામી દુક્કડમ માંગીએ છીએ પણ આજે સમય સજાગ થવાનો છે.

**ગાંધીધામ-૯.૮.૧૩ લબ્ધિકુમાર બી.મોમાયા**

# જ્ઞાતિના વિદ્વાન વીરચંદ ધરમશીના પુસ્તક ‘ભગવાનલાલ ઇન્દ્રજી : ભારતીય પુરાતત્વના આદિ પુરુષ’ ને સ્ટેન્ડિંગ ઑવેશન !

ફિલ્મ ઇતિહાસથી માંડીને પુરાતત્વ સુધીના વિષયોમાં પાયાના સંશોધનથી તેમજ એશિયાટિક સોસાયટીના સંચાલનમાં મહત્વનો ફાળો આપી વિદ્વાનોની ચાહના મેળવનારા જ્ઞાતિના વિદ્વાન વીરચંદ કલ્યાણજી ધરમશી (સુથરી-નેરુલ, નવીમુંબઇ)ના પુસ્તક ‘ભગવાનલાલ ઇન્દ્રજી : ભારતીય પુરાતત્વના આદિપુરુષ’ વિશે ફાર્બસ ગુજરાતી સભા અને ‘ભવન્સ કલ્ચરલ સેન્ટર’ દ્વારા રવિવાર ૧૧.૮.૨૦૧૩ના અંધેરીમાંના ભવન્સ કલ્ચરલ સેન્ટર ખાતે રસાસ્વાદ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વલ્લભ વિદ્યાનગરના ડૉ.હેમંત દવેએ આ ગુજરાતી પુસ્તક તથા તેની મૂળ વિસ્તૃત અંગ્રેજી આવૃતિનો વિશદ પરિચય આપ્યા બાદ ભારતીય ઇતિહાસ અને ભારતીય ઐતિહાસિક સંશોધન માટે પાયાનું કામ કરી તેને નવી નક્કર દિશા આપનારા ગુજરાતી વિદ્વાન ભગવાનલાલ ઇન્દ્રજી વિશે પાયાની વિગતો શોધી કાઢી આ બન્ને ઇતિહાસો નવેસર લખવા પડે તેવા ઘણાં નવા તથ્યો પ્રકાશમાં આણવા બદલ શ્રી વીરચંદ ધરમશીના આ પુસ્તકને સ્ટેન્ડિંગ ઑવેશન (ઉભા થઇને વધાવવું) આપીએ એવું સૂચન કર્યું હતું જેને ઉપસ્થિત ઇતિહાસ રસિકો તથા ગંભીર વાંચનના શોખીનોએ ઉત્સાહભેર વધાવી લીધું હતું.

આશરે દોઢેક વર્ષ પહેલાં આ પુસ્તકની અંગ્રેજી આવૃતિના દિલ્હીમાં યોજાયેલા લોકાર્પણ કાર્યક્રમમાં ભારતીય ઇતિહાસ અને પુરાતત્વ શાસ્ત્રના ટોચના વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

એશિયાટિક સોસાયટી વતી આ પુસ્તકની અંગ્રેજી આવૃતિને વધાવવા માટેનો કાર્યક્રમ યુનિવર્સિટીના કોન્વોકેશન હોલમાં યોજાયો હતો.

ભગવાનલાલ ઇન્દ્રજી આમ તો જૂનાગઢના શિલાલેખ વાંચવા માટે ગુજરાતસ્તરે જાણીતા છે, પણ તેમણે માત્ર ભારતના વિવિધ ભાગો જ નહીં નેપાળનો પણ પ્રવાસ કરી ઇતિહાસ સંબંધી પાયાની વસ્તુઓ શોધી કાઢી હતી. તેમની વિશેષતા એ હતી કે તેઓ શિલાલેખો લાંબી વિધિ કર્યા વગર સીધી રીતે વાંચી લેતા હતા જૈન અને બૌદ્ધ મૂર્તિકલા વિશે પણ તેમણે ઘણું સંશોધન કર્યું.

રસપ્રદ વાત એ છે કે આર્કીયોલોજી ખાતાના અધિકારી વર્જેસને સહાયરૂપ થવાના પ્રયાસમાં તેમણે ધારાપુરી એટલે કે મુંબઇની બાજુના એલીફન્ટાની ગુફાઓની મૂર્તિઓની ઓળખ કરાવી જેથી તે ગુફાઓને આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ મળી.

જૈનોને સવાલ છે ત્યાં સુધીઆ વિદ્વાનનું મહત્વ એ છે કે તેમણે અલગ તારવેલા ઐતિહાસિક પુરાવાને કારણે જ છેક ૧૮૮૪ સુધી જૈન ધર્મને બૌદ્ધ ધર્મની શાખા માનનારા તેને સ્વતંત્ર ધર્મ માની તે અંગે સંશોધન કરતા થયા.

આ પુસ્તકની બૃહદ અંગ્રેજી આવૃતિ દેશ-વિદેશના વિદ્વાનોમાં સારી આવકાર પામી છે. તાજેતરમાં જાણીતા પુરાત્વશાસ્ત્રી દિલીપ ચક્રવર્તીએ આ પુસ્તકનો વિષદ છણાવટ ‘પુરાતત્વ’ નામે એ વિષયમાં વર્ષમાં થતી મહત્વની ગતિવિધિ અંગેના વાર્ષિક સામાયિકમાં કરી છે.

આ પુસ્તકનું પ્રકાશન ગુજરાતના ઇતિહાસ સંબંધે પ્રકાશનો કરવાનું ધ્યેય રાખતી ‘દર્શક ઇતિહાસ નિધિ-વડોદરા’ દ્વારા થયું છે.

## શ્રી કે.ડી.ઓ. જી.વી.સી. લેડીસ વીંગ

શ્રી કે.ડી.ઓ.જી.વી.સી. લેડીસ વીંગની સામાન્ય સભા સોમવાર **તા.૨૬.૮.૨૦૧૩ના** બપોરના ૨ થી ૫ દરમ્યાન શ્રી મહારાજા અગ્રસેન હોલ, શ્રી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ગરોડીયા નગર, ઘાટકોપર (ઇ)માં રાખેલ છે. રજીસ્ટ્રેશન માટે નીચે મુજબની કાર્યકર બહેનોનો સંપર્ક કરવા વિનંતી.

**રાજેશ્રીબેન ઉમેશ મોતા - 9987693334**
**લીનાબેન હિતેન લોડાયા - 9769411010**
**મીનલબેન પરેશ લોડાયા - 9594226045**
**અરૂણાબેન શૈલેશ લોડાયા - 9821234033**
**શોભાબેન જીતુભાઇ લોડાયા - 9322088239**
**નીલુબેન ધનપતી લોડાયા - 9222430951**
**કાશ્મીરાબેન લુઠીયા - 9821675722**

**અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેમ્બુર લેડીસ વીંગના સભ્યોને સમયસર પધારવા વિનંતી

**શ્રીમતી જયશ્રીબેન કાંતિલાલ દંડ (પ્રમુખ)**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયા

**ટ્રસ્ટ રજી. નં. E 564 (કચ્છ)**

**શ્રી આવક-જાવક ખાતું (તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩)**

| | | | |
|---|---|---|---|
| ૪૨૦૦૦.૦૦ | શ્રી ભાડા આવક | ૨૦૦૪૪.૦૦ | શ્રી રીપેરીંગ ખર્ચ |
| ૩૭૪૧૬૦.૫૦ | શ્રી બેંક વ્યાજ | ૧૯૪૦૩૧.૦૯ | શ્રી વહીવટી ખર્ચ |
| ૬૭૧૦.૦૦ | શ્રી સાધર્મિકભક્તિ આવક | ૧૧૨૩૬.૦૦ | શ્રી ઓડીટ ફીસ |
| ૪૭૭૯.૦૦ | શ્રી આયંબિલ ખાતું ભેટ | ૪૧૨૨.૦૦ | શ્રી ચેરીટી કમિશનર ફાળો |
| ૨૧૭૦૧.૦૦ | શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ભેટ | ૪૭૧૩.૦૦ | શ્રી પરચુરણ ખર્ચ |
| ૭૭૧૦૬૧.૦૦ | શ્રી સંઘજમણ ભેટ | ૩૨૮૧૮.૦૦ | શ્રી ઘસારા ખર્ચ |
| ૩૭૬૦૯૪.૦૦ | શ્રી સાધારણ ભેટ | ૩૦૦૦૦૦.૦૦ | શ્રી એક્યુમ્યુલેશન રકમ |
| ૨૮૬૦.૦૦ | શ્રી વાસણ ભાડું | | (ઈન્કમટેક્ષ એક્ટ૧૯૬૧ મુજબ) |
| ૧૨૦૫૦.૫૦ | શ્રી ગાદલા-ગોદડા ભાડું | ૩૫૮૨.૦૦ | શ્રી વર્ધમાન તપ આયંબિલ ખર્ચ |
| ૭૨૨૬.૦૦ | શ્રી પરચુરણ આવક | ૩૬૨૯૫.૦૦ | શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખર્ચ |
| | | ૬૯૭૬૩૭.૦૦ | શ્રી સંઘજમણ ખર્ચ |
| | | ૧૪૮૪૨૦.૦૦ | શ્રી સાધારણ ખર્ચ |
| | | ૭૯૪૧.૦૦ | શ્રી સાધર્મિક ખર્ચ |
| | | ૨૦૧૮૦૨.૯૧ | શ્રી આવકમાં વધારો |
| **૧૬૬૨૬૪૨.૦૦** | | **૧૬૬૨૬૪૨.૦૦** | |

## તા.૩૧.૩.૨૦૧૩ સુધીનું પાકું સરવૈયું

| | | | |
|---|---|---|---|
| ૪૭૪૨૪૮.૭૫ | શ્રી ટ્રસ્ટ ફંડ | ૩૬૫૮૯૧૦.૦૦ | શ્રી સ્થાવર મિલકત ખાતું |
| ૫૮૩૮૬૩૭.૧૩ | શ્રી નૂતન ભોજનશાળા બીલ્ડીંગ ફંડ | ૨૪૪૬૯૭.૦૦ | શ્રી ફર્નિચર તથા એ.સી. |
| ૧૩૪૯૪૪૨.૭૩ | શ્રી અંકિત ખાતા (લીસ્ટ મુજબ) | ૧૬૭૨૨.૦૦ | શ્રી લાઇટ મીટર ડિપોઝીટ |
| ૩૦૦૦૦૦.૦૦ | શ્રી એક્યુમ્યુલેશન રકમ | ૩૧૧૦૬.૦૦ | શ્રી ટી.ડી.એસ. રીફંડ બાકી |
| ૯૭૦૫૨.૩૧ | શ્રી આવક-જાવક ખાતું | ૧૨૫૦.૦૦ | શ્રી અરિહંત બેન્ક શેર |
| | ૧૦૪૭૫૦.૬૦ ગયા વર્ષની નુકશાની | ૭૩૫૦૩૧.૦૪ | શ્રી વ્યાજ વસુલાત ખાતું. |
| | ૨૦૧૮૦૨.૯૧ આ વર્ષનો વધારો | ૧૭૩૮૫૨૩.૦૦ | શ્રી સ્ટેટબેંક નલીયા એફ.ડી. |
| | ૯૭૦૫૨.૩૧ નેટ વધારો | ૧૦૦૦૦૦૦.૦૦ | શ્રી યુ.બી.આઇ. મુંબઇ એફ.ડી. |
| | | ૩૧૮૭૨૨.૩૮ | શ્રી સ્ટેટબેંક નલીયા SB A/C |
| | | ૨૬૭૨૪૬.૫૦ | શ્રી અરિહંતબેંક મુંબઇ SB A/C |
| | | ૪૭૧૭૩.૦૦ | શ્રી પુરાંત |
| **૮૦૫૯૩૮૦.૯૨** | | **૮૦૫૯૩૮૦.૯૨** | |

**ઓડીટર્સ : ખીમજી કુંવરજીની કાં (ગાંધીધામ)**

**નોંધ :** તા.૭.૯.૨૦૧૩ના વાર્ષિક સામાન્ય સભા નલીયા મધે રાખેલ છે. સર્વે ભાઇ-બહેનોને પધારવા વિનંતી. હિસાબ બાબત કોઇને પણ પૂછવું હોય તો તા.૫.૯.૨૦૧૩ સુધી લેખીત જાણ નલીયા ઓફીસે કરવી જેથી મીટીંગ વખતે જવાબ આપવા સરળતા રહે.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ-નલીયા (કચ્છ)

**ટ્રસ્ટ રજી. નં. E 1051 (કચ્છ)**

**શ્રી આવક-જાવક ખાતું (તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩)**

| | | | |
|---|---|---|---|
| ૪૮૩૪૦૦.૦૦ | શ્રી બેંક વ્યાજ | ૧૦૦૨૨૩.૦૦ | શ્રી રીપેરીંગ ખર્ચ |
| ૧૧૨૩૨૯૫.૦૦ | શ્રી સદગૃહસ્થોની ભેટ | ૬૮૬૦.૦૦ | શ્રી વીમા પ્રીમીયમ |
| ૪૩૭૭૫.૦૦ | શ્રી ઢોર દાખલ ભેટ | ૩૨૫૦૯૫.૦૦ | શ્રી વહીવટી ખર્ચ |
| ૩૦૦૭.૦૦ | શ્રી કુતરાના રોટલા તથા પક્ષી ચણ | ૧૧૨૩૬.૦૦ | શ્રી ઓડીટ ખર્ચ |
| ૫૭૪૪૮૬.૦૦ | શ્રી વસ્તુ ભેટ | ૧૮૮.૦૦ | શ્રી ચેરીટી કમીશનર ફાળો |
| ૫૪૦૦૦.૦૦ | શ્રી BSNL ટાવર ભાડું | ૮૨૨૧.૦૦ | શ્રી પરચુરણ ખર્ચ |
| ૭૦૫૦૧.૦૦ | શ્રી ઢોર વેંચાણ | ૪૪૨૫.૦૦ | શ્રી ઘસારા ખર્ચ |
| ૭૦૭૩૦.૦૦ | શ્રી ખાતર-છાણ વેંચાણ | ૧૧૯૩૮૫.૦૦ | શ્રી ખેતીવાડી ખર્ચ |
| ૧૫૩૧૨૨.૦૦ | શ્રી દુધ વેંચાણ | ૩૧૩૨૫૫૯.૦૦ | શ્રી પાંજરાપોળ રનીંગ ખર્ચ |
| ૯૫૯૪.૦૦ | શ્રી પરચુરણ આવક | | |
| ૧૬૩૭૦૦.૦૦ | શ્રી ખેડ પેદાશ આવક | | |
| ૧૨.૫૦ | શ્રી ડીવીડંડ આવક | | |
| ૨૨૫૭૨૫.૦૦ | શ્રી સબસીડી આવક | | |
| ૭૫૧૩૮૬.૫૦ | શ્રી આવકથી ખર્ચ વધારો (નુકશાન) | | |
| **૩૭૨૬૮૦૪.૦૦** | | **૩૭૨૬૮૦૪.૦૦** | |

## તા.૩૧.૩.૨૦૧૩ સુધીનું પાકું સરવૈયું

| | | | |
|---|---|---|---|
| ૨૧૦૭૯૨.૨૨ | શ્રી ટ્રસ્ટ ફંડ | ૨૬૨૭૩૭.૧૫ | શ્રી સ્થાવર મિલકત |
| ૮૦૭૧૪૮૯.૭૩ | શ્રી ઘાસચારા કાયમી તીથી ફંડ | ૭૮૭૯.૮૩ | શ્રી પાંજરાપોળ વટાંતર |
| | | ૧૫૧૫૫.૦૦ | શ્રી ફર્નીચર ખાતું |
| | | ૧૫૫૩૦.૦૦ | શ્રી મોટરબાઇક ખાતું |
| | | ૬૦૫૯૬૦.૦૦ | શ્રી ડાંઢર વતરાખાણ ખાતું (સ્ટોક) |
| | | ૧૨૫૦.૦૦ | શ્રી અરિહંત કો.ઓ.બેંક શેર |
| | | ૪૪૪૦.૦૦ | શ્રી લાઇટ મીટર ડીપોઝીટ |
| | | ૫૦૭૩૦૭૨.૦૦ | શ્રી દેનાબેંક FDR નલીયા |
| | | ૧૯૦૭૧૮.૦૩ | શ્રી દેનાબેંક SB ખાતું નલીયા |
| | | ૧૦૧૮૦૧.૭૮ | શ્રી સ્ટેટબેંક SB A/C નલીયા |
| | | ૪૩૧૬૭૨.૫૫ | શ્રી દેનાબેંક SB ખાતું મુંબઇ |
| | | ૪૪૦૪૫૫.૫૦ | શ્રી અરિહંત બેંક SB A/C મુંબઇ |
| | | ૮૭૦૩૩.૦૦ | શ્રી પુરાંત |
| | | ૧૦૪૪૫૭૭.૧૧ | શ્રી આવક જાવક ખાતું |
| | | | ૨૯૩૧૯૦.૬૧ ગત વર્ષની નુકશાની |
| | | | ૭૫૧૩૮૬.૫૦ ચાલુ વર્ષ નુકશાની |
| | | | **૧૦૪૪૫૭૭.૧૧** |
| **૮૨૮૨૨૮૧.૯૫** | | **૮૨૮૨૨૮૧.૯૫** | |

**ઓડીટર્સ : ખીમજી કુંવરજીની કાં (ગાંધીધામ)**

**નોંધ :** તા.૭.૯.૨૦૧૩ના વાર્ષિક સામાન્ય સભા નલીયા મધે રાખેલ છે. સર્વે ભાઇ-બહેનોને પધારવા વિનંતી. હિસાબ બાબત કોઇને પણ પૂછવું હોય તો તા.૫.૯.૨૦૧૩ સુધી લેખીત જાણ નલીયા ઓફીસે કરવી જેથી મીટીંગ વખતે જવાબ આપવા સરળતા રહે.

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

# જન્મ શતાબ્દીએ વડીલોને માનવંદના (ભાગ ૪)

**ભાગ્યશાળી જ્ઞાતિજનો જેમની આ વર્ષે જન્મ શતાબ્દિ કે ૧૦૧ કે ૧૨૫મો જન્મવર્ષ છે.**

આ જ્ઞાતિજનો ૨૨/૨૩ વર્ષના હતા ત્યારે જ્યાં વસતા હતા તે સ્થળ કૌંસમાં દર્શાવેલ છે.

(ગતાંકથી ચાલુ....) **ગોએરસમા** વર્ષ

વીરજી માવજી દેવજી ગોસર (ગોએરસમા) ૧૦૦
નરશી હીરજી લખમશી ગોસર (ગોએરસમા) ૧૦૧
બાંયાબાઇ મુરારજી કચરાભાઇ ડાઘા (ગોએરસમા) ૧૦૦
દેવશી કચરાભાઇ રાયશી ડાઘા (અમલનેર) ૧૦૧
ઘેલાભાઇ મુલજી મણશી ગડા (નારાયણપેઠ) ૧૨૫

## વરાડીયા

ધનજી માણેકજી શીવજી મોમાયા (મુંબઇ) ૧૦૦
રાયશી નરશી ટોકરશી મોમાયા (કોચીન) ૧૦૦
નારાણજી શામજી માણેકજી મોમાયા (મુંબઇ) ૧૦૦
લક્ષ્મીબાઇ મુલજી જેઠાભાઇ મોમાયા (વિકારાબાદ) ૧૦૦
મીઠાબાઇ નેણશી લાલજી મોમાયા (મુંબઇ) ૧૦૦
આશબાઇ જેઠાભાઇ મણશી મોમાયા (ઘાટકોપર) ૧૦૦
હંસરાજ વેલજી શીવજી મોમાયા (ઘાટકોપર) ૧૦૦
માણેકજી ટોકરશી પુંજાભાઇ મોમાયા (વરાડીયા) ૧૦૦
શામજી થોભણ રાઘવજી મોમાયા (ઘાટકોપર) ૧૦૦
ભવાનજી ઉમરશી નરશી મોમાયા (મુંબઇ) ૧૦૧
કુંવરજી ગોવિંદજી કુરશી મોમાયા (અંજાર) ૧૦૦
મેઘજી દેવશી ખેતશી મોમાયા (મુંબઇ) ૧૦૦
દેવજી નરપાર મુલજી ડાઘા (મુંબઇ) ૧૦૧
કસ્તુરીબાઇ દામજી વેલજી ડાઘા (મુંબઇ) ૧૦૧
લક્ષ્મીબાઇ પિતાંબર લધાભાઇ ડાઘા (વરાડીયા) ૧૦૦
મુલજી પરબત ડોસાભાઇ લોડાયા (વરાડીયા) ૧૦૦
ખીમજી રતનશી તેજપાલ લોડાયા (ઘાટકોપર) ૧૦૧
કલ્યાણજી જેઠાભાઇ જેવત દંડ (મુંબઇ) ૧૦૦
લીલબાઇ વેરશી આશારીયા દંડ (વરાડીયા) ૧૦૧

## વારાપધર

ગોવિંદજી હીરજી લખમશી લોડાયા (ખામગામ) ૧૦૧
વેલબાઇ કેશવજી ખીમજી લોડાયા (ઘાટકોપર) ૧૦૦
હીમાબાઇ ચત્રભોજ ધનજી લોડાયા (મુંબઇ) ૧૦૦
વેજબાઇ વસનજી ઉમરશી લોડાયા (ઘાટકોપર) ૧૦૦
લખમશી શામજી ઠાકરશી લોડાયા (વારાપધર) ૧૦૦
વેજબાઇ દેવજી કેશવજી લોડાયા (ચાલીસગામ) ૧૦૦
કુંવરબાઇ મેઘજી ઘેલાભાઇ લોડાયા (વારાપધર) ૧૦૦
સોનબાઇ નરશી કાનજી લોડાયા (વારાપધર) ૧૦૦
લાખબાઇ નરપાલ નથુભાઇ લોડાયા (મુંબઇ) ૧૦૧
રામજી માડણ વીશર લોડાયા (મુંબઇ) ૧૦૦
જીવરાજ ખીમજી કાનજી ભેદા (મુંબઇ) ૧૦૧
સોનબાઇ હંસરાજ દેવજી મોતા (મુંબઇ) ૧૦૦
ગંગાબાઇ જીવરાજ ભારમલ મૈશેરી (મુંબઇ) ૧૦૦
મીઠાબાઇ રતનશી લખમશી લાલકા (મુંબઇ) ૧૦૧
સોનબાઇ ધનજી મુલજી લાલકા (ચલવીગી) ૧૦૦
નરશી હંસરાજ ચાંપશી લાલકા (ગદગ) ૧૦૦
આણંદજી જેઠાભાઇ કુરશી લાલકા (જલગામ) ૧૦૦
સોનબાઇ ચાંપશી દામજી લાલકા (મુર્તીજાપુર) ૧૦૦
પુરબાઇ લખમશી લધાભાઇ લાલકા (વારાપધર) ૧૦૦
ખીરબાઇ રતનશી હંસરાજ લાલકા (વારાપધર) ૧૨૫
દેવજી રતનશી વિરમ મોમાયા (વારાપધર) ૧૦૦
કલ્યાણજી ભાણજી હરપાલ છેડા (મુંબઇ) ૧૦૧

## વાંકુ

માણેકજી વીરજી ઉકેડાભાઇ સોની (મુંબઇ) ૧૦૧
કેશવજી મેઘજી સોજપાલ સોની (વાંકુ) ૧૦૧
માણેકબાઇ નરશી લાલજી સોની (કોચીન) ૧૦૧
લક્ષ્મીબાઇ ખેતશી લાલજી સોની (કોચીન) ૧૦૧
મીઠાબાઇ મુલજી દેવજી સોની (કોચીન) ૧૦૦
વસનજી ઉમરશી નાગશી સોની (મુંબઇ) ૧૦૦
દેવજી નરપાલ નેણશી સોની (ચાલીસગામ) ૧૦૦
દેવશી ખીમજી ભારમલ લોડાયા (ભુલુન્ડ) ૧૦૦
કસ્તુરીબાઇ નરશી ઉમરશી લોડાયા (ચાલીસગામ) ૧૦૦

## સાંધવ

હીમાબાઇ કસ્તુરચંદ જીવરાજ દંડ (સાંયરા) ૧૦૧
વેજબાઇ થોભણ દેવજી દંડ (મુંબઇ) ૧૦૦
લીલબાઇ મુલજી દેવજી દંડ (સાંધવ) ૧૦૧
જેઠીબાઇ લક્ષ્મીચંદ નથુભાઇ ખોના (સાંધવ) ૧૦૧
વસનજી પિતાંબર લધાભાઇ નાગડા (નાંદરા) ૧૦૦

## સાંધાણ

લખમશી શામજી માડણ ધરમશી (સાંધાણ) ૧૦૧
રાયચંદ વેલજી પુંજાભાઇ ધરમશી (ઘાટકોપર) ૧૦૦
પ્રેમચંદ નરશી પુંજાભાઇ ધરમશી (કરાચી) ૧૦૦
ગંગાબાઇ દામજી ઘેલાભાઇ ધરમશી (સાંધાણ) ૧૦૧
ધનજી વેરશી દેવણાંધ મૈશેરી (મુંબઇ) ૧૦૧
પદમશી લીલાધર દેવણાંધ મૈશેરી (મુંબઇ) ૧૦૦
લાલજી દેવજી ગોવિંદજી મૈશેરી (મુંબઇ) ૧૦૧
રતનશી ઠાકરશી લખમશી નાગડા (મુંબઇ) ૧૦૧
ગોવિંદજી કુંવરજી ખીમજી નાગડા (મુંબઇ) ૧૦૦
લાલજી રામજી ખીમજી નાગડા (મુંબઇ) ૧૦૦
પ્રેમાબાઇ કેશવજી મુલજી નાગડા (મુંબઇ) ૧૦૧
લાડણ દેવજી તેજપાલ દંડ (વરાડીયા) ૧૦૦
પુરબાઇ ભવાનજી ખીમજી ધુલ્લા (સાંયરા) ૧૦૦

## સાંયરા

ધનબાઇ વેલજી નરશી લોડાયા (જલગામ) ૧૦૦
નેણશી ભીમશી શીવરાજ લોડાયા (નાંદેડ) ૧૦૦
માણેકજી રામૈયા શીવરાજ લોડાયા (હુબલી) ૧૦૦
કુંવરજી વીરમ દેવણાંધ લોડાયા (સાંયરા) ૧૦૦
લખમશી આણંદજી દેવણાંધ લોડાયા (સાંયરા) ૧૦૦
પુરબાઇ વેલજી નરશી લોડાયા (મુંબઇ) ૧૦૦
ખેતશી નાગશી પરબત લોડાયા (કરાચી) ૧૦૧
કુંવરજી માડણ વેલજી લોડાયા (મુંબઇ) ૧૦૦
રતનબાઇ મુલજી પાસુભાઇ લોડાયા (ગદગ) ૧૦૧
તેજપાલ ખીમજી માણેકજી લોડાયા (સેલુ) ૧૦૦
હીરબાઇ કુંવરજી ભાણજી લોડાયા (મુંબઇ) ૧૦૦
વસનજી દેવરાજ મુલજી મોમાયા (સાંયરા) ૧૦૦
કેશવજી રાઘવજી ટોકરશી મોમાયા (સુથરી) ૧૦૦
ગોવિંદજી ખીંયરાજ વેલજી મોમાયા (રાયપુર) ૧૦૦
ધનબાઇ ટોકરશી વેલજી મોમાયા (સુથરી) ૧૦૦
રાણબાઇ વેલજી મેઘજી મોમાયા (સાંયરા) ૧૦૦
રતનબાઇ શીવજી મેઘજી મોમાયા (ઉજૈન) ૧૦૦
માકબાઇ રાયચંદ ડુંગરશી મોમાયા (મુંબઇ) ૧૦૧
ગોવિંદજી દામજી ભીમજી મોમાયા (ચાલીસગામ) ૧૦૧
લક્ષ્મીબાઇ વસનજી કુંવરજી મોમાયા (કોચીન) ૧૦૧
કુંવરજી રાયશી નાગશી મોમાયા (ગદગ) ૧૦૦
ડુંગરશી પદમશી જેઠાભાઇ મોમાયા (ગદગ) ૧૦૦
સારબાઇ હીરજી શીવજી ખોના (સાંયરા) ૧૦૧
રતનબાઇ કેશવજી નાગશી ધરમશી (સેલુ) ૧૦૧
ચત્રભોજ રામૈયા જેઠાભાઇ ધરમશી (મુંબઇ) ૧૦૦
સોનબાઇ શિવજી પુંજાભાઇ ધરમશી (મુંબઇ) ૧૦૧
માનબાઇ લખમશી ભીમશી મૈશેરી (ખામગામ) ૧૦૧
પ્રેમાબાઇ નેણશી શામજી સોની (મુંબઇ) ૧૦૧
ગંગાબાઇ વેલજી ભાણજી નાગડા (મુંબઇ) ૧૦૧

## નાની સિંધોડી

લખમશી લાલજી સોદે ધરમશી (નાની સિંધોડી) ૧૦૦

## મોટી સિંધોડી

શામજી ખીંયશી ભાણજી મૈશેરી (મોટી સિંધોડી) ૧૦૦
કુંવરબાઇ ખીંયરાજ ભાણજી મૈશેરી (સાંધવ) ૧૦૧
માડણ નરપાલ કરમશી મૈશેરી (મુંબઇ) ૧૦૧
દામજી શીવજી કરમશી મૈશેરી (મુંબઇ) ૧૦૦
લક્ષ્મીબાઇ નરશી દામજી મૈશરી (સિહોર) ૧૦૦
માનબાઇ લખમશી વેરશી મૈશેરી (મોટી સિંધોડી) ૧૦૧

## સુજાપુર

દેવજી દામજી શામજી છેડા (વર્ધા) ૧૦૧
આશબાઇ જેતશી જીવરાજ છેડા (ઉજૈન) ૧૦૦
પ્રેમજી ખેતશી મેઘજી લોડાયા (અમદાવાદ) ૧૦૦
દામજી જેઠાભાઇ પાશ્વીર લોડાયા (મુંબઇ) ૧૦૦
કસ્તુરીબાઇ ખેતશી શામજી ખોના (સુજાપુર) ૧૦૦

## સુથરી

નરશી અરજણ રામૈયા ધરમશી (બડગરા) ૧૨૫
મુરબાઇ માણેકજી ભાણજી ધરમશી (ગદગ) ૧૦૦
વસનજી દેવણાંધ ખીંયશી ધરમશી (મુંબઇ) ૧૦૧
નેણબાઇ મણશી ડોસાભાઇ ધરમશી (અલપઇ) ૧૦૧
વેલબાઇ પુનશી ડોસાભાઇ ધરમશી (સુથરી) ૧૦૧
કસ્તુરબાઇ પદમશી કુરપાલ ધરમશી (ચાંદુર) ૧૦૦
કેશવજી ભીંયશી દામજી ધરમશી (સુથરી) ૧૦૧
મેઘજી હીરજી પુંજાભાઇ ધરમશી (સુથરી) ૧૦૧
પ્રેમાબાઇ હંસરાજ માડણ ધરમશી (કોચીન) ૧૦૦
માનબાઇ વસનજી કેશવજી ધરમશી (અમલનેર) ૧૦૦
હંસરાજ જેઠાભાઇ લધાભાઇ લોડાયા (મુંબઇ) ૧૦૦
બાંયાબાઇ ગોવિંદજી શીવજી લોડાયા (ભંજલ) ૧૦૦
વેજબાઇ દામજી ખીમજી ખોના (સુથરી) ૧૨૫
પુરબાઇ જેઠાભાઇ જીવરાજ ખોના (સુથરી) ૧૦૧
રાયચંદ નરશી જેઠાભાઇ ખોના (સુથરી) ૧૦૧
મીઠાબાઇ માણેકજી દામજી ખોના (મુંબઇ) ૧૦૦
કુંવરબાઇ નરશી નથુભાઇ ખોના (સુથરી) ૧૦૦
જેઠાભાઇ દેવજી લધાભાઇ મોતા (ચાલીસગામ) ૧૦૦
રતનબાઇ થોભણ હીરજી મોતા (સુથરી) ૧૨૫
ઝવેરચંદ દેવજી લધાભાઇ ધુલ્લા (વરસોવા) ૧૦૧
લક્ષ્મીચંદ દેવજી લધાભાઇ ધુલ્લા (મુંબઇ) ૧૦૦
હીરબાઇ ખેતશી કેશવજી ધુલ્લા (સુથરી) ૧૦૧
વેજબાઇ દામજી મણશી ધુલ્લા (સુથરી) ૧૨૫
લક્ષ્મીચંદ હંસરાજ રામૈયા ધુલ્લા (સુથરી) ૧૦૧
રતીલાલ ઘેલાભાઇ લધાભાઇ દંડ (શાહદા) ૧૦૦
ખેતબાઇ દેવશી પેથરાજ દંડ (મુંબઇ) ૧૦૦
ભવાનજી કાનજી શીવજી દંડ (સુથરી) ૧૦૧
હીરબાઇ ખીમજી હીરજી દંડ (મુંબઇ) ૧૦૧
નારાણજી શામજી ઉકેડાભાઇ છેડા (સુથરી) ૧૦૧
વસનજી ઘેલાભાઇ લીલાધર છેડા (સુથરી) ૧૦૧
પદમશી કરમશી રાઘવજી છેડા (મુંબઇ) ૧૦૧
નવલબાઇ માણેકજી વેલજી મોમાયા (મુંબઇ) ૧૦૦
લધાભાઇ નેણશી ખીંયશી સોની (સુથરી) ૧૦૧
શામજી કરમશી ખીંયશી લાપસીયા (સુથરી) ૧૦૦
હીરજી લાલજી કેશવજી લાપસીયા (જલગામ) ૧૦૦
રાયચંદ આશારીયા જેઠાભાઇ સાયલા (કરાચી) ૧૦૧

***(સંપુર્ણ)***

## સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ મોકલો. એ પરિચય ઉપરથી પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી. આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૧ કોલમ ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો. કુંડલી-ફોટા અમને મોકલવા નહીં.

| ક્ર. | માહિતી પત્રક | ૫૩૯ | ૫૪૦ | ૫૪૧ | ૫૪૨ | ૫૪૩ | ૫૪૪ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | ધરમશી | મોતા | ધરમશી | ખોના | મોતા | મોતા |
| ૩ | જન્મ તારીખ | ૯.૫.૮૬ | ૧૨.૫.૮૮ | ૧૫.૧૧.૬૮ | ૨૮.૫.૮૨ | ૮.૮.૮૯ | ૧૫.૩.૮૬ |
| ૪ | વય (વર્ષ) | ૨૭ | ૨૫ | ૪૩ | ૩૧ | ૨૩ | ૨૭ |
| ૫ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૯'' | ૫'-૮'' | ૫'-૧૦'' | ૫'-૪'' | ૫'-૦'' | ૫'-૪'' |
| ૬ | વજન (કી.ગ્રા.) | ૫૫ | ૭૦ | ૬૮ | ૫૦ | ૬૦ | ૫૦ |
| ૭ | વર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| ૮ | શિક્ષણ/અભ્યાસ | B.E. (Chem) | B.Com. | SSC | SSC | BMS | M.Com |
| ૯ | નોકરી/ધંધો | નોકરી | નોકરી | નોકરી | નોકરી | નોકરી | નોકરી |
| ૧૦ | હાલ વસવાટનું ગામ | મુંબઇ | મુંબઇ | મુંબઇ | ડોંબિવલી | મુંબઇ | નડીયાદ |
| ૧૧ | પાત્રના શોખ | સ્પોર્ટ્સ | – | – | – | – | વાંચન-ધાર્મિક |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૫૦,૦૦૦ | ૨૫,૦૦૦ | – | ૧૭,૦૦૦ | ૧૦,૦૦૦ | ૮,૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | અવર | અવર | અવર | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો ? | હા | હા | – | ના | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે ? | નથી | નથી | – | નથી | નથી | નથી |
| ૧૭ | ફોટો મળશે ? | હા | હા | – | હા | હા | હા |
| ૧૮ | સામેના પાત્રનું અપેક્ષિત શિક્ષણ | ગ્રેજ્યુએટ | ઓછું ભણેલ | – | – | – | ભણેલ |
| ૧૯ | તમારી પાત્ર અંગે વિશેષ પસંદગી/અપેક્ષા | સુશીલ સંસ્કારી | સુશીલ સંસ્કારી | સાધારણ | મિલનસાર સુશિલ | મિલનસાર સંસ્કારી | સંસ્કારી મિલનસાર |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | મિલનસાર પરિવારપ્રેમી | સંસ્કારી પરિવારપ્રેમી | એકલા છે | શાંત મિલનસાર | મિલનસાર | મિલનસાર સંસ્કારી |
| ૨૧ | સીધો સંપર્ક ઇચ્છતા હો તો ફોન નં.(સ્વૈચ્છિક) | 09925152967 | - | 09699910306 | 0251-2420243 | - | 09426365453 |

**આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)**

મોકલનાર વાલીનું નામ : ____________ ઉમેદવારનું નામ : ____________

સરનામું : ____________

____________ ફોન : ____________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ____________ સહી : ____________

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

## સાંધવ-દંડ પરિવારને આમંત્રણ

કચ્છ-સાંધવ ગામના દંડ પરિવારના દેશરમાતાજી, સચ્ચામાતાજી, ચાયણમાતાજી તેમજ પડસાદાદાની પ્રાણ પ્રતિષ્ઠા તેમજ દેશરમાતાજીના ભૂવા બનાવવાના પાઠ પ્રસંગે સાંધવ ગામે નમતા દંડ પરિવારના સર્વ ભાવિકોને કુંટુબ સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**કાર્યક્રમ :** કારતક સુદ ૭ને શનિવાર તા.૯.૧૧.૨૦૧૩ના સવારના સર્વે માતાજીનો જળયાત્રાનો વરઘોડો, પહેડી પ્રસાદ, કારતક સુદ ૮ને રવિવાર તા.૧૦.૧૧.૨૦૧૩ સવારના મંદિરની વાસ્તુપૂજા, શિખર પ્રતિષ્ઠા, મુર્તિ સ્થિરકરણ, પ્રાણ પ્રતિષ્ઠા, તા.૧૦.૧૧.૧૩ થી ૧૨.૧૧.૧૩ રાત્રે ભુવાજીનો પાઠ (ચંડીપાઠ) તેમજ પિતૃપાઠ આદિ વિધિવિધાન કરવામાં આવશે.

**તા.૯.૧૧.૨૦૧૩ થી ૧૩.૧૧.૨૦૧૩ સહકુટુંબ સર્વેને પધારવા વિનંતી છે.**

**તા.૯.૧૧.૨૦૧૩ શનિવાર સવાર નવ વાગ્યા સુધી આવી જવા વિનંતી છે.**

**નિમંત્રક : દંડ પરિવાર (સાંધવ)**

**સંપર્ક : ભલારાદાદાના ભુવા શ્રી દિનેશ વિસનજી દંડ - 9867139421**

**શ્રી રાયચંદ નરશી દંડ - 9321316588 • શ્રી મહેશ હંસરાજ દંડ - 9323900739**

---

**॥ શ્રી ભલારાદાદાય નમઃ ॥**

સાંધવ ગામમાં ભલારાદાદાને નમતા ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સાંધવગામે ભલારાદાદાના નવા ઘોડા બેસાડવા તેમજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, તા.૯.૧૧.૧૩ શુક્રવાર સવારના ૧૦ કલાકે (જળયાત્રા) વરઘોડો, બપોરે પહેડી પ્રસાદ રહેશે. તા.૧૦.૧૧.૧૩ સવારના મંદિરની વાસ્તુપૂજા, શિખર પ્રતિષ્ઠા, મૂર્તિ સ્થિરકરણ, પ્રાણ પ્રતિષ્ઠા તેમજ પહેડી પ્રસાદ રહેશે. બે દિવસ મહોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**દિનેશ વિસનજી દંડ • રાયચંદ નરશી દંડ • મહેશ હંસરાજ દંડ**

---

Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

---

# નલીનપુર નારી નિગમ

**યોજે છે...**

## વાણિજ્ય મેળો

**સ્થળ : સારસ્વત વાડી, મુલુંડ (વેસ્ટ)**

**દિવસ : શનિવાર, ૫.૧૦.૨૦૧૩**

**સ્ટોલ રાખવા આમંત્રણ છે.**

-: સંપર્ક :-

હીના લોડાયા - 9820318345
વીણા નાગડા - 9967666380
નીલમ નાગડા - 9833848403
પૂર્વી છેડા - 9920328602
માલિની નાગડા - 9223259383
ભાવના ખોના - 9987839009

**નલીનપુર નારી નિગમ**

# મદ માત્રથી નીચ ગોત્રનું આયુષ્ય બંધાય !

ભગવાન મહાવીરસ્વામીનો આત્મા પણ અન્ય આત્માઓની જેમ અનંતકાળ સુધી સંસારમાં રઝળ્યો. હતો. જૈનદર્શનની એ દૃઢ માન્યતા છે કે આત્માનો કોઇ આદિ નથી અને જન્મથી કોઇ પરમાત્મા બનતું નથી. તીર્થંકર ભગવાન પણ બીજા મનુષ્યોની જેમ જન્મ લઇ, પોતાના પુરુષાર્થથી કર્મોને ખપાવી, પોતાના આત્માના મૂળ ગુણને પ્રગટ કરી, પછી મોક્ષે જાય છે. મહાવીરના પહેલા ૨૭ ભવનું વર્ણન ઉપલબ્ધ છે. આ ૨૭ ભવના પ્રથમ ભવમાં મહાવીરના જીવે 'નયસાર' નામના મનુષ્યના રૂપમાં પ્રથમવાર સમકિતની પ્રાપ્તિ કરી. ત્યાર પછી ત્રીજા ભવમાં મહાવીરનો જીવ ભરત ચક્રવર્તીના રાજકુમાર મરીચિરૂપે ઉત્પન્ન થાય છે અને ભગવાન ઋષભદેવની દેશના સાંભળી એને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને ભગવાન પાસે દીક્ષિત થાય છે. ચારિત્રની આરાધના કરતાં એ ૧૧ અંગોનો અભ્યાસ કરી લે છે.

પણ સંયમનો આકરો માર્ગ અને સાધુજીવનના પરિષહ રાજકુમારનું સુકોમળ શરીર સહન ન કરી શક્યું. ભીષણ ગરમીમાં ભયંકર તરસ લાગી અને એણે વિચાર્યું કે આવો કષ્ટપૂર્ણ સંયમ તો મારાથી પાળી શકાશે નહીં, પણ એકવાર ઘર છોડ્યું એટલે હવે પાછો ઘેર તો નહીં જાઉં એમ વિચારી વેશ-પરિવેશ આદિ બદલી, ત્રિદંડી સંન્યાસી બની ગયો પણ એ ભગવાનની સાથે જ વિચરવા લાગ્યો. પોતાની પાસે આવવાવાળા લોકોને ભગવાનનો માર્ગ બતાવતો અને એમની પાસે મોકલી આપતો.

એકવાર ભરતે ભગવાનને પ્રશ્ન કર્યો કે તમારી સભામાં એવો કોઇ જીવ છે જે તમારા જેવો જ તીર્થંકર બનશે ? જવાબમાં ભગવાને કહ્યું કે આ સભામાં તો એવો કોઇ નથી, પણ સમવસરણની બહાર તારો પુત્ર મરીચિ છે. એ આ જ ભરત ક્ષેત્રમાં અંતિમ તીર્થંકર થશે. તે પહેલો વાસુદેવ અને મહાવિદેહ ક્ષેત્રમાં પ્રિયમિત્ર નાનો ચક્રવર્તી પણ થશે.

ભરતે જઇને મરીચિને ભગવાનની વાત સંભળાવી. મરીચિ તો એ સાંભળી એટલો ખુશ થઇ ગયો કે નાચવા ગાવા લાગ્યો-

***"આદ્યોહં વાસુદેવાનાં, પિતા મે ચક્રવર્તિણામ્,***
***પિતામહ જિનેન્દ્રાણામ્, મમાહો ઉત્તમં કુલમ્"***

હું પહેલો વાસુદેવ થઇશ. મારા પિતા પહેલા ચક્રવર્તી છે અને મારા દાદા પ્રથમ તીર્થંકર છે. હું પણ તીર્થંકર થઇશ-અહા ! મારું કુળ કેટલું ઉત્તમ છે, કેટલી ઋદ્ધિ ! કેટલી સમૃધ્ધિ! આમ બોલી ત્રિદંડ ઉછાળીને નાચવા લાગ્યો, પણ કુળનું આમ મદ-અભિમાન કરવાથી એને નીચ ગોત્રનું આયુષ્ય બંધાઇ ગયું.

એક વખત મરીચિ માંદો પડી ગયો, પણ કોઇએ એની સેવા ન કરી એટલે એણે રાજકુમાર કપિલને પોતાનો શિષ્ય બનાવ્યો. આમ તો મરીચિ હંમેશ ભગવાનના માર્ગને જ સર્વશ્રેષ્ઠ માનતો, પણ શિષ્યના વ્યામોહમાં એણે કહેવાનું શરૂ કરી દીધું કે 'ભગવાનનો માર્ગ પણ ધર્મ છે અને મારો માર્ગ પણ ધર્મ છે.' આમ, મહાવીરના જીવે ત્રીજા ભવમાં ત્રિદંડી સંન્યાસી મરીચિના રૂપમાં જીવન વિતાવ્યું અને ત્યાંથી બ્રમ્હ (પાંચમાં) દેવલોકમાં દેવ થયા.

***- ડૉ. રશ્મિભાઇ ઝવેરી***
***('જૈન પ્રકાશ'માંથી સાભાર)***

## કાવ્ય-પ્રકાશ : પ્રભુજીની રઢીયાળી વર્ષગાંઠ

*(રાગ : આધા હૈ ચંદ્રમાં રાત આધી)*

રઢીયાળી પ્રભુજીની વર્ષગાંઠ આવી
અનંતનાથ દાદાની લગની લાગી... રૂડી લગની લાગી
રઢિયાળી પ્રભુજીની.... ॥૧॥

સિંહસેન તણાં કુલરાયા, માતા સુયશામાના જાયા
દાદાનું મોઢું મધુર નામ, દાદાના અનંત ઉપકાર
અનંત લોકના તારણહાર.... રઢીયાળી.....॥૨॥

મારે લેવા અનંતનાથના વારણાં
પ્રભુના સુંદર સોહામણાં બારણાં
પ્રભુનું મુખડું સુકુમાર, એની મૂર્તી મનોહાર
એવા દેવાધિદેવને નિત્ય વંદના.... રઢીયાળી.....॥૩॥

આજ આંગી બની છે બહુ સારી
દાદાના મસ્તકે મુગટ છે ભારી
કાને કુંડલ શણગાર, ગળે નવસરો હાર
કરું વિનંતી તમને કર જોડી.... રઢીયાળી.....॥૪॥

મને લઇ જાજો દાદા તમારા દેશમાં,
મારું જીવન છે આપના આદેશમાં
મારે હૈયે તારો નાદ, મારા અંતરે તારો વાસ
તારી ભક્તિ કરું દિન રાત.... રઢીયાળી.....॥૫॥

***- તારામતી લહેરચંદ નાગડા (ઘાટકોપર)***

# મેરા ભી એક ઘર હો... (૨)

- કુલીન લુઠીયા (મુલુન્ડ)

આજથી ૮ વરસ પહેલાં એક વખત સમસ્ત મુંબઈમાં મેઘરાજાની શાહી સવારીને કારણે મુંબઇ, થાણે, ડોંબીવલી, કલ્યાણ, અંબરનાથ, વિઠ્ઠલવાડી જેવા અનેક નાના મોટા શહેરોમાં સતત ધમધોકાર વરસાદ વરસતો રહેલો, ત્યારની આ ઘટના છે. અણઘડ આયોજન, નહીંવત ડીઝાસ્ટર મેનેજમેન્ટ, કોન્ક્રીટના જંગલોના વિસ્તૃતિકરણ, આદિને કારણે પાણીને વાટ દેખાડવાનું કામ જ બંધ કરી દીધું હતું અને અત્ર, તત્ર સર્વત્ર જળબંબાકાર !

અનરાધાર વરસાદના પાણી ઠેરઠેર નીચાણવાળા વિસ્તારમાં જમા થઇ ઝુંપડાંઓમાં, ઘરોમાં, ચાલીઓમાં, ગલીઓમાં, રસ્તા પર સર્વત્રે પાણી જ પાણી. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઇ ગયેલું.

આવી પરિસ્થિતિમાં આપણાં ભાઇભાંડુ કેમ જીવતા હશે તેની કલ્પના જ કરવી રહી.

માનવસેવાના અનેક નાના મોટા કામોમાં ઉદારદિલ દાતા શ્રી કિરીટભાઇ લાપસીયા સદાય તત્પર રહે છે. મને અને તેમના જ ભાઇ વસંત લક્ષ્મીચંદ લાપસીયાને સદાય પહેલો હાથ લંબાવી સાથ આપે એવા દાનેશ્વરી શ્રી કિરીટભાઇને ફોન થયો. અપેક્ષા વિના જ સહેજે સુંદર પ્રતિસાદ મળી રહ્યો. “પાંજે ભા માડુ કે જોકો ખપે સે ડીજા. વ્યવસ્થિત કમ કઇજા. કોઇ ઓછપ રખજા મ. પુરેપુરી તૈયારી કરીને વેજા.”

ડૉ. જે.પી.ખોના, ડૉ. વી.એલ. નાગડા, શ્રી વસંત લક્ષ્મીચંદ લાપસીયા અને એક બે અન્ય કાર્યકરો તેમ જ હું ડોંબીવલી છાડીને વિઠ્ઠલવાડી સ્ટેશને પહોંચ્યા. ત્યાં કચ્છી ભાનુશાલીઓ અને કેડીઓના ઘરોની મુલાકાત લીધી. પૂછપરછ કરતાં આર્થિક ભીંસની સમસ્યા તો લગભગ દરેક ઘરમાં હતી જ. નાનકડા ઘરમાં નાનકડી રૂમમાં રસોડું, પલંગ, બાળકો, ઘરવખરી બધીય ટાયટમટાઇટ પોઝીશનમાં. ત્યાંનો મુંબઇગરો દરેક રીતે સંકળાશ અનુભવે, મોકળાશનું નામોનિશાન નહીં.

જૂની ચાલોમાં નળીયા પર પ્લાસ્ટીક લગાડાયેલું, પણ છતમાંથી ગળતર તો ચાલુ ને ચાલુ.

એક કે.ડી.ઓના ઘરની મુલાકાત લેતા રૂમ કમ રસોડામાં લોખંડના પલંગના ગાદલાં પર પ્લાસ્ટીકની બાલ્ટી, જે ટપક ટપક પાણીથી લગભગ અડધી ભરાઇ ગયેલી. અને કેટલાક ઘરોમાં બહારનું ગંદુ અને ગટરનું પાણી દરવાજાના ખાંચા મારફત અંદર પ્રવેશી ચોમેર ફેલાઇ ગયેલું દેખાતું હતું. ગાદલાં ગોદડાં ભીનાં થયેલી હાલતમાં દુર્ગંધ મારતા હતા, તો કાચું અનાજ પણ બે ત્રણ દિવસથી પાણીમાં પડ્યા રહેવાને કારણે સડતું હોવાથી વાસ મારતું હતું. અને કેટલાક ઘરોમાં બહારનું ગંદુ અને ગટરનું પાણી દરવાજાના ખાંચા મારફત અંદર પ્રવેશી ચોમેર ફેલાઇ ગયેલું દેખાતું હતું. આવું તો લગભગ દરેક ઘરમાં કોમન. કરૂણા તો એ વાતની હતી કે તેઓમાંનાં અનેક લીવ-લાયસન્સ પર ભાડા ડીપોઝીટની શરતે રહેતા હતા. તેમાંના કેટલાકે તો ઘરભાડાની ચઢી ગયેલી રકમ અંગે પણ ચિંતા વ્યક્ત કરી.

લુઠિયા અને ડૉ. ખોના અને ડૉ. નાગડા દ્વારા મેડિકલ અંગે તેમજ મેડિક્લેમની મહત્વતા વિશે સુંદર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. આજે આપણી જ્ઞાતિમાં કરોડપતિ શેઠિયાઓની સંખ્યા કંઇ નાની સૂની તો નથી જ. ધારે તો એક જ અબજપતિ, પોતિકા ઘર વગરના એ બધાય વંચિતોને ઘર અપાવી શકે. બધાયના નાના મોટા અનુદાનથી તો એ કામ બિલકુલ સરળ રીતે થઇ શકે ખરું.

આપણા સદ્ગત વડીલો અને સમાજશ્રેષ્ઠીઓ બુધિપૂર્વકનું આયોજન કરી અનેક સમાજ કલ્યાણાર્થે સ્થાયી મિલકતો મૂકતા ગયા. સંસ્થાઓમાં અને ટ્રસ્ટોમાં પણ ઘણી દૌલત મૂકતા ગયા અને જીવંત દાતાઓ પણ નક્કર આયોજનનો સફળ બનાવવા દાનગંગા વહેવડાવી શકે તેટલા સામર્થ્યવાન છે. આવશ્યકતા છે એક પરફેક્ટ પ્લાનીંગની અને તેના ઇમ્પ્લીમેન્ટેશનની.

આજે અંદાજે ૧૦૦૦ થી ૧૨૦૦ જણાં પોતાનું એક સુંદર મજાનું ઘર હોય તેવા સ્વપ્નમાં રાચે છે. તેને હકીકતમાં બદલવા અનંતનાથજી આપણને સૌ કોઇને સદ્બુદ્ધિ આપે.

તત્કાલ ધોરણે કોઇ ‘હોપ’ ઉભી થાય એવું આયોજન સૌ કોઇને આવકાર્ય છે. દરેક પરિવારને એક ‘હોપ’ તો હોય જ કે મેરા અપના ભી એક ઘર હો...


શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**

# જીવન શક્યતાઓથી ભરપૂર છે....

માઇકલ એન્જેલોએ બનાવેલી ડેવિડની મૂર્તિની ગણના વિશ્વના સુંદર શિલ્પમાં થાય છે. એમને આ શિલ્પ બનાવવાની કલ્પના અંગે પૂછવામાં આવ્યું ત્યારે એમણે સરસ વાત કહી. એમણે કહ્યું, એક દિવસ હું મારા કામે જઇ રહ્યો હતો ત્યારે મેં એક વિશાળ આરસનો પથ્થર રસ્તામાં એક બાજુ પર પડેલો જોયો. આમ તો વર્ષોથી એ એ પથ્થર ત્યાં જ પડ્યો હતો, પણ એ દિવસે મને એમાં ડેવિડનો આભાસ થયો. પછી તો મારું કામ એ આરસપહાણમાંથી જે ભાગ ડેવિડનો નહોતો એને હટાવી દેવાનું જ હતું. વધારાનો ભાગ નીકળી જતાં શિલ્પ તૈયાર થઇ ગયું.

આપણું પોતાનું જીવન પણ આ શિલ્પ સમું નથી શું ? આપણી આસપાસ રહેલી નકામી અને નકારાત્મક લાગણીઓ જેવી કે ભય, અસલામતી, હતાશા, શંકા, ખોટી માન્યતાઓ જેવી તો એમાંથી નખશિખ સુંદર શિલ્પ પ્રગટી શકે. દરેક પરિસ્થિતિમાં કશુંક પૉઝિટિવ હોય છે. પથ્થરમાં સમાયેલી મૂર્તિની જેમ એને શોધી કાઢવાનું છે. નકારાત્મકતાને સકારાત્મકતામાં તબદલી કરવાની છે.

અમેરિકાના બ્રાયન ટ્રેસીની વાત આપણે આગળના પૉઝિટિવ થિંકિંગ-પૉઝિટીવ લાઇફના લેખમાં કરી હતી. તેઓ કહે છે કે તમે તમારું જીવન સુખી અને સંતોષી બનાવવા ચાહતા હો તો પહેલાં તમારી એક આદર્શ મૂર્તિ મનમાં તૈયાર કરો.

જીવન શક્યતાઓથી ભરપૂર છે એ માટે તમને મદદરૂપ થઇ શકે એવી ટીપ્સ પ્રસ્તુત છે....

## એવરીથિંગ ઇઝ પોસિબલ

કશું જ અશક્ય નથી. એવરીથિંગ ઇઝ પોસિબલ. આ વિચારસરણીને આત્મસાત કરી તમારી ક્ષમતાઓનો પૂર્ણપણે ઉપયોગ કરતાં શીખવાથી તમે તમારી કલ્પના મુજબનું શિલ્પ ઘડી શકશો. જીવનનાં મહત્ત્વનાં ક્ષેત્રો જેવાં કે આવક અને કરિયર, કુટુંબ અને સંબંધો તેમ જ  સ્વાસ્થ્ય અને ફિટનેસ પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવાથી તમે સફળતાની દિશામાં કદમ માંડી શકશો. સફળ થયેલી વ્યક્તિઓનો સૌથી મોટો ગુણ હોય છે આઇડિયલાઇઝેશન આદર્શ સ્થિતિની ક્લપના કરવાનો અને 'સ્કાય ઇઝ ધ લિમિટ'ની વિચારસરણીને અનુસરવું.

## વાસ્તવિકતાને સ્વીકારો

માનસશાસ્ત્રમાં બે પ્રકારનાં વ્યક્તિત્વનું વર્ણન છે. એક જેઓ સંજોગોનો હિંમતથી સામનો કરે છે અને બીજા, સંજોગોથી ગભરાઇને નાસીપાસ થઇ ભાગવાનું પસંદ કરે છે. વાસ્તકિવકતાને સ્વીકારી એનો સામનો કરનાર આનંદથી અને આત્મવિશ્વાસથી જીવે છે સંજોગોથી ભાગી છુટનારા ખાસ કંઇ હાંસલ કરી શકતાં નથી. એમને પોતાનામાં જ ભરોસો હોતો નથી, ડર્યા કરે છે. જ્યારે સંજોગોનો સામનો કરવાની વૃત્તિને કારણે તેઓ સંજોગો સાથે ઘડાઇને વધુ મજબૂત બનીને બહાર આવે છે.

સમય-સંજોગો અને પરિસ્થિતિને હંમેશાં આપણે બદલી શકતાં નથી. ત્યારે એને યથાવત સ્વીકારી લેવાથી એક મોટો બોજો માથા પરથી ઊતરી જાય છે અને તાણ રહેતી નથી.

## વર્તમાનમાં જીવો

મોટા ભાગના લોકોને આદત હોય છે કે તેઓ કાં તો ભૂતકાળમાં જીવે છે અથવા ભવિષ્યમાં. ભૂતકાળમાં બનેલી સારી કે નરસી ઘટનાઓ યાદ કર્યા કરવાથી કશો અર્થ સરતો નથી. વર્તમાનને સુખદ નહીં બનાવી શકનારાઓ કાયમ ભૂતકાળની સુખદ ક્ષણોને વાગોળ્યા કરે છે. ઘણાંને ભવિષ્યની ચિંતા કર્યા કરવાની ટેવ હોય છે. અત્યારે બધું સમુંસૂતરું હોય તોપણ તેઓ ભવિષ્યમાં આમ થશે તો ? કે તેમ થશે તો ? એવી નકારાત્મક કલ્પાનાઓ કરી કરીને આજે ઉપાધિ વહોરી લેતાં હોય છે. એમણે સમજવું રહ્યું કે ભવિષ્ય વધારે સારું પણ હોઇ શકે ને ? તો એવા વિચારો કેમ નથી આવતા ? સૌથી ઉત્તમ તો ભૂત-ભવિષ્યની ચિંતા છોડો અત્યારે જે પણ સારુ મળ્યું હોય એને માણતાં રહેવું જોઇએ. સફળ માણસો ક્યારેય ભૂતકાળ તરફ જોતાં નથી. એની પાછળ બગાડવા માટે એમની પાસે સમય જ ક્યાં હોય છે.?તેઓ વર્તમાનમાં રહે છે. અત્યારે શું કરવાનું છે એનો જ વિચાર કરીને સમયપત્રક ગોઠવે છે.

## સકારાત્મક અભિગમ કેળવો

પેન્સિલવેનિયા યુનિવર્સિટીના ડૉ. માર્ટિન સેલિગમેને પૉઝિટિવ થિંકિગના વિષય પર ઘણો ઊંડો અભ્યાસ કર્યો છે. તેઓનું માનવું છે કે તમે કઇ રીતે પરિસ્થિતિને જુઓ છો, એના પરથી તમે પૉઝિટિવ એટીટ્યુડ ધરાવો છો કે નેગેટિવ એ નક્કી થાય છે. દરેક પરિસ્થિતિને અલગ અલગ દૃષ્ટિકોણનથી જોઇ શકાય છે. ઘણી વખત ધારી લઇએ છીએ અને પછી એને જ વાસ્તવિકતા માની લઇએ છીએ.

સાઇકોથેરેપીમાં વસ્તુને નવે સરથી જોવાની અને

મૂલવવાની વાતને મહત્વ આપવામાં આવે છે. આપણે પરિસ્થિતિનું નવસરથી સકારાત્મક અર્થઘટન કરી શકીએ તો સંજોગો એના એ જ રહેવા છતાં જીવન બદલાઇ જાય. ભૂતકાળના અનુભવોની પીડા તમને વર્તમાનમાં પણ સતાવતી હોય તો તમે એવું વિચારી શકો કે એમાંથી મને ઘણું શીખવાનું મળ્યું કે પછી વધારે મજબૂત થઇને બહાર નીકળી શકાયું એથી હકીકતમાં પીડાની લાગણી અદશ્ય થઇ જશે અને તમે ખરેખર એમ માનતા થઇ જશો કે જે થયું તે સારા માટે.

**નાનકડી બાબતનું અદકેરું મહત્ત્વ**

બ્રાયન ટ્રેસીનું બાળપણ ગરીબીમાં વીત્યું હતું. હાઇસ્કૂલ અધવચ્ચેથી છોડી મજૂરી કરવી પડી. ત્રીસેક વર્ષની ઉંમર સુધીમાં તેઓ સફળ સેલ્સ મેનેજર બની ગયા. ત્યારપછી વર્ષોથી જે ગાડીનું સપનું જોયું હતું. એ બે વર્ષ જૂની મર્સિડીઝ બેન્ઝ એમણે લોન લઇને ખરીદી. હાઇવેપર આ ગાડી સડસડાટ દોડતી, એક વર્ષ બાદ એને સર્વિસ માટે આપી. મિકેનિકને ખ્યાલ આવ્યો કે કાબ્યુરેટરમાં એક નાનકડો પાર્ટ ખોટો બેસાડવામાં આવ્યો છે. એને કારણે મશીનનો ફ્યુઅલ ઓછું મળતું હતું અટલે એણે નવો પાર્ટ બેસાડી દીધો. ગાડી પાછી આપતી વખતે આ વાતની જાણ કરતાં તાકીદ પણ કરી કે એસ્કેલેટર દબાવતી વખતે ધ્યાન રાખજો. હવે આ ગાડી રોકેટની જેમ દોડશે અને ખરેખર બ્રાયને જરાક એસ્કેલેટર દબાવ્યું કે ગાડી જાણે હવામાં ઉડવા લાગી. તરત જ બ્રેક લગાવી ગતિને નિયંત્રણમાં રાખવી પડી. પૂર્ણ ક્ષમતાએ દોડતી કારનો અનુભવ અનોખો હતો. નાનકડી બાબતથી પણ કેટલો મોટો ફરક પડી જતો હોય છે !

આપણું મન પણ આ કાર જેવું જ નથી શું ? ઊંડે ઊંડે રહેલી કોઇ નકારાત્મક લાગણી, કડવી યાદ, નિષ્ફળતાનો બોજ ઘણીવાર આપણને આપણી પૂર્ણ ક્ષમતાથી કામ કરવામાં રુકાવટ ઊભી કરી દેતા હોય છે, એવું કોઇ નડતર હોય તો એને શોધી કાઢી દૂર કરી દેવાથી અચાનક તમારી પ્રગતિની ગતિ તેજ થઇ જશે. તમારામાં અગણિત શક્યતાઓ રહેલી છે. ઘણી વખત એ સુષુપ્તાવસ્થામાં હોય છે એને ઓળખીને બહાર લાવવાની જરૂર છે. ભૂતકાળની કોઇ નકારાત્મક લાગણીઓ હોય તો એને પૉઝિટીવ રીતે જોઇ સમગ્ર ધ્યાન વર્તમાનમાં જીવતાં જીવન અને કેરિયર પર કેન્દ્રીત કરવાથી ઝડપભેર સફળતાનાં સોપાન ચઢી શકાય છે.

**- *સંકલિત***


**।। શ્રી અનંતનાથાય નમઃ ।।**

## મુંબઇમાં મહાકાલી મહાપૂજન ઉત્સવે આમંત્રણ

ભુજપુર (કચ્છ) ગાદીના પુનિત સ્થાન ***શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર***ના ઉપક્રમે મુંબઇ મહાનગરીમાં અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીનું મહાપૂજન - પહેડી - ભક્તિ સમારોહ આસો સુદ ૨ રવિવાર **તા.૬.૧૦.૨૦૧૩**ના ઘાટકોપરમાં સવારે ૯ થી ૨માં રાખવામાં આવેલ છે. ભક્તિ સંગીત : શ્રી કિશોર મનરાજા અને હંસકુમાર મૈશેરી આદિ કલાકારોનું રહેશે.

**૧૮મા વરસના મુખ્ય સહયોગી દાતા**

**માતુશ્રી ચંપાબાઇ હંસરાજ પરબત ડાઘા પરિવાર (વરાડીયા-માટુંગા)**
**હ. શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા - અંબા શીંપીગ એજન્સી**

આપ સૌ ભાવિકો હંમેશની રીતે દર્શન-વંદન-પૂજન-પહેડી ભક્તિ સંગીતમાં લાભ લેશો.
યતિ મોતીસાગરજીશ્રીજી તથા દાતા પરિવારો તરફથી ભાવભર્યું આમંત્રણ છે.

**અનેરા લાભની તક**

**૧૯મું વરસ તા.૨૮.૯.૨૦૧૪ અને ૨૦મું વરસ**
**તા.૧૮.૧૦.૨૦૧૫નાં ઉજવાશે. ઇચ્છુકો ભાવના જણાવશો.**



**મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૩૭)**
**- સોમ ધરમશી (કચ્છ)-09825372464**

***પિઢંજી કથા સુણાયણી ઈતા નિપટ સેલ***
***પણ પરજી પીડા સમજણી ઇ વડી મુશકેલ.***

**શબ્દાર્થ :** નિપટ-એકદમ, સેલ-સહેલું, પરજી-બીજાની.

**ભાવાર્થ :** આપણે રસ્તામાં જતાં હોઇએ અને કોઇ સ્નેહી સ્વજન મળે અને પૂછે કે 'કેમ છો' એટલે આપણે આપણાં પર વીતતાં દુઃખના ઢગલાનો ઈતિહાસ રજુ કરવા મંડી પડીએ અથવા આપણને કોઇપણ ક્ષેત્રમાં સિધ્ધિ પ્રાપ્ત થઇ હોય તો તેના ઢોલ-નગારાં વગાડવા જામી પડીએ. આ આપણી સ્વભાવોગત વાત છે પણ તે કેટલીક હદ સુધીજ યોગ્ય હોય છે.

અહીં કવિશ્રી રાજેન્દ્ર શાહની કવિતાની કેટલીક પંક્તિઓ યાદ આવ્યા વિના રહે નહીં.

**ભાઇ રે આપણા દુઃખનું કેટલું જોર ?**
**નાની એવી જાતક વાતનો મચવીએ નહિં શોર !**

હૃદય સોંસરી વાત કવિશ્રી રાજેન્દ્ર શાહે કરી છે. તેને મર્મી કવિશ્રી તેજ પોતાની આગવી શૈલીમાં રજુ કરતા ઉપરની પંક્તિઓનો સહારો લઇને કરે છે.

સમાજના અનેક પ્રસંગોએ કે સેમિનારમાં જોવામાં આવે છે કે વક્તા વિષયને ન્યાય આપવાના બદલે પોતાનાં વખાણનું ફુલેકું જ કાઢતા હોય છે. સામાજિક પ્રસંગોમાં પણ આવા નરબંકા મળે છે જે પોતાનાં દુઃખની વીણાનાં સુર છેડતા હોય છે.

કવિશ્રી ત્યારે ગર્ભિત ઈશારો કરે છે કે આપણામાં એવા કેટલા જે બીજાનાં દુઃખ કે પીડાને જાણી, સમજી શકે અને એ સમજ્યા પછી એ પીડાને દુર કરવા પોતાનીથી ભલે અલ્પ તો અલ્પ પણ પ્રયત્નો કરી શકે.

આ ત્રીભેટા પર માનવી આવીને ઉભો રહે ત્યારે તેનામાં એક ભાવના જન્મ લેતી હોય છે. **પાંજો કોરો ?**

સમાજમાં આપણે એક બીજાનાં દુઃખો, મુશ્કેલી, મુસીબતને જાણી, સમજી સદ્‌ભાવનાથી પ્રેરાઇ તે દુર કરવાનાં સહિયારા પ્રયત્નો કરીએ તો એ સમાજ પ્રગતિના પથ પર, વિકાસની કેડી પર સહજ આગળ વધે. ત્યારે સમાજની દરેક વ્યક્તિ સાચો 'વૈષ્ણવજન' ગણાશે કવિશ્રી નરસિંહ મહેતાને યાદ કરી પુ ગાંધી બાપુનાં પ્રિય ભજનની પંક્તિઓ માણીએ.

*વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે*
*પર દુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે...*

## કાવ્ય-પ્રકાશ : હવે રૂઠવાના નથી

મૃત્યુ તું આવજે જરૂર આવજે
તારે આવવાનું ઘણું જ જરૂરી છે,
ડર મને લાગે છે એ મારી મજબુરી છે
ભવાંતર કુદરતનો ક્રમ છે
કરમ પ્રમાણે સજા આપવી તારી ફરજ છે,
વિનંતી એટલી કે લઇ જવા મારા આત્માને
છેવટે ત્રણ નવકાર સમરવાનો સમય ને શક્તિ આપજે
રડતા સ્નેહીઓ સ્વજનો વચ્ચેથી તું લઇ જજે
અંદર વસતો આત્મા ખોળીયું બદલવા,
રાજી કે નારાજી પણ તારી સાથે આવશે
મૃત્યુ પછી માથા પાસે લોટ, ચારણીને દિવો રાખશે
જોવા આત્મા કઇ દિશાએ ગયો
અરે, જીવતા જીવની એણે કે તમે દિશા નક્કી ના કરી
હવે એ ક્યાં ગયો એની ચિંતા કરવાની ખરી ?
એનું કાર્ય શક્ય શક્તિ મુજબ એણે કર્યું
તમને ગમેકે ના ગમે, એનાથી બનતું એણે કર્યું
જાણતા-અજાણતા કદાચ એ જીવે દુભાવ્યા હશે
પરમાત્મા એની સજા કર્મો મુજબ એને કરશે,
સુગ-પ્રાર્થનાસભા વિગેરેના રીવાજો બંધ કરો
અસંખ્ય મધ્યમ વર્ગના સંજોગે હૈયે ધરો,
પ્રાર્થનાસભા-સુગમાં પણ દેખાદેખી થાય છે,
ક્યારેક આ ખોટા ખર્ચા જોઇ, મનમાં દુઃખ થાય છે
સુતેલાને ઉઠાડી શકાય, મૃત્યુ પામેલા ઉઠતા નથી
જીવન દરમ્યાન ઘણું સહ્યું, હવે રૂઠવાના નથી.

**- અનિલ હીરાચંદ ધુમ (કોઇમ્બતુર)**

## છેડા ગોત્ર પરિવારની સમુહ પહેડી

સમસ્ત જ્ઞાતિના **છેડા ગોત્ર પરિવાર**ના કુળદેવી અંબામાતાજીની ૨૧મી **સમુહપહેડી** અને **નવચંડી પાઠ**નું આયોજન **તા.૨૪.૧૧.૧૩**ના સવારે ૮.૩૦થી જીવરાજ ભાણજી હોલ, અશોકનગર, નહેરૂ રોડ, મુલુન્ડ (વે),માં કરેલ છે. છેડા ગોત્ર પરિવારના સર્વે ભાવિકોને સહપરિવાર પધારવા નિમંત્રણ છે.

બપોરે નવચંડી પાઠ હવન વિધિમાં ૧૩ કપલ (જોડી) જોઇશે જેઓ વહેલો તે પહેલોનાં ધોરણે રૂા.૫૦૦૦નો નકરો ભરી લાભ લઇ શકશે. બાકી કાર્યક્રમ હંમેશ મુજબ રહેશે.

**નિમંત્રક : શ્રી ક.દ.ઓ. છેડા ગોત્ર અંબામાં સમુહ પહેડી**


શુભેચ્છાસહ.....
*Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
**C.H.A.No.11-0404**

## શ્રધ્ધાંજલિ



: જન્મ :
તા.૪.૧.૧૯૨૮
જલગામ

: સ્વર્ગવાસ :
તા.૧૦.૮.૨૦૧૨
મુલુન્ડ

**શાહ વિસનજી જેઠાભાઇ ગોસર (ગોએરસમા)**

**વડીલ, તમારી સાદગી, સૌમ્ય અને સદા મલકતો ચહેરો, સહુ પ્રત્યેની સદ્‌ભાવના તથા સરળ સ્વભાવ, પરિવારજનો પ્રત્યેનો સદ્‌વ્યવહાર અને સમપર્ણભાવ, અમારા હૃદયમાં અણમોલ યાદ બનીને સદાય જીવંત રહેશે.**

**આપના આત્માને ભાવભીની શ્રધ્ધાંજલિ....**

**શોકાતુર**

**શાહ વિસનજી જેઠાભાઇ ગોસર સમસ્ત પરિવાર**


"કચ્છી દશા ઓશવાલ સમાજ સાથે લગ્નસરાની સાડીઓ માટે વર્ષોથી સંકળાયેલા શ્રી દિનેશ દેઢિયાનું નવુ સાહસ"

## અવસર સારીઝ

**ના શુભારંભ નિમિત્તે અમારા માનવંતા ગ્રાહકોની માટે તા. ૧૫ ઓગસ્ટ થી ૨૫ ઓગસ્ટ સુધી તૈયાર તથા ઓર્ડરની સાડીઓ પર ૧૦ % થી ૧૫ % નું ભવ્ય ડીસ્કાઉન્ટ**

- સાચી તેમજ ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડી તથા ચણીયા ચોલી.
- રીયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા.
- કસબ, બટકસબ, કટવર્ક તથા ફેન્સી બોર્ડર.
- પાનેતર, પીટ્ટાવર્ક, તારકામ સાડી.
- બાંધણી બનારસી ઉપાડા વગેરેની ખાત્રીપૂર્વક ખરીદી માટે અવશ્ય પધારશો.

**ઠે.: શોપ નં.૧, રૂપલ અપાર્ટમેન્ટ, અરોમા હોટેલની સામે, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯**

**સંપર્ક: દિનેશ દેઢિયા - ૯૨૨૩૪ ૨૫૬૭૬**
**ભાવિન દેઢિયા - ૯૮૧૯૭ ૨૩૧૧૯**


॥ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી અંબેમાતાય નમઃ ॥

### શ્રી અંબેમાં ખોના પરિવાર-સુથરી

સુથરીમાં શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાનાં ઘરે બીરાજમાન **ખોના ગોત્ર**ના કુળદેવી શ્રી અંબેમાંની **સમુહપેડી** (જુહાર) તેમજ ભોઈમાંની ગંધી બદલવાની વિધિ કારતકી તેરસથી પુનમ **તા.૧૫થી તા.૧૭.૧૧.૧૩** સુથરી મધ્યે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ખોના પરિવારનાં જેનાં પણ લગ્નનાં, નામકરણનાં તથા છેડાછેડીનાં જુહાર બાકી હોય તે થઈ શકશે. પુનમનાં પરિવાર દ્વારા માતાજીની સમુહપહેડી રહેશે.

આ પ્રસંગે ખોના પરિવારનાં સર્વે ભાવિકો તથા નીયાણીઓ, દીકરીઓને સહકુટુમ્બ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. રેલ્વેની ટીકીટ બુકીંગ પોતાની રીતે કરાવી લેવા વિનંતી છે. આપના આગમનની જાણ અગાઉથી કરશો જેથી વ્યવસ્થા સાચવવામાં સુગમતા રહે.

**નિમંત્રક : શ્રી અંબેમાં ખોના પરિવારનાં જય માતાજી**

**સંપર્ક :**

રાજેન્દ્ર મણીલાલ ખોના - 9867692853
ભરત મુલજી ખોના - 9820078058
લહેરચંદ કુંવરજી ખોના - 9825156340
અશ્વિન મણીલાલ ખોના - 9833120585
સમીર કુંવરજી ખોના - 9594274664
દિલીપ મણીલાલ ખોના - 9702034307
વીપીન શામજી ખોના - 9867302873

|| શ્રી સુમતિનાથાયનમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

C/o. મે. વિરચંદ નરસી, પો. બૉ. નં. 11, મલકાપૂર-443101 (જી.બુલડાણા)
☎: (07267) 222032, 222232, Gram : KUMAR

1) શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ ના ક્ષેત્ર માં વર્ષ 2013 મા. શિક્ષાણના ક્ષેત્રે ધોરણ 12 માં ટકાવરી પ્રમાણે પ્રથમ,દ્વિતીય, અને તૃતીય ક્રમાંકે આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ દરેક વિભાગમાં ઉત્તીર્ણ થયેલ અને ગ્રૅજ્યુએટ્સ વિદ્યાર્થી/વિદ્યાર્થીની ઓને

2) દરેક ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી /વિદ્યાર્થીની ઓને પોતાના માર્કશિટની સર્ટીફાઈડ ઝેરૉક્સ નકલ અરજી સાથે (વિગતવાર સરનામા સહિત) શ્રી પ્રવિણકુમાર નરશીભાઈ દંડ, મે. વિરચંદ નરસી, પો. બૉ. નં.: 11 મલકાપૂર આ સરનામે તા. 30-8-13 સુધી ટપાલમાં અગર આંગડીયામાં સમયસર મળી જાય તે રીતે મોકલવા ભલામણ છે.

3) ધાર્મિક શિક્ષણમાં પ્રતિક્રમણ વિધી તથા તેનાથી આગળ ધાર્મિક અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઈનામ આપવાંમા આવશે. ધાર્મિક અભ્યાસની વિગત સ્થાનિક મહાજન અથવા એકમના પ્રતિનિધીની નોંદ સાથે તા. 30-8-13 સુધી મોકલવી.

4) રમતગમત નાં ક્ષેત્રે રાજ્ય સ્તરની સ્પર્ધાઓંમા ભાગ લેનાર યુવક/યુવતીઓને પ્રોત્સાહન ઈનામ આપવાંમા આવશે સંપુર્ણ માહિતી તા. 30-8-13 સુધીમાં સ્થાનિક મહાજન અથવા એકમના પ્રતિનિધીને નોંદ સાથે મોકલવી

5) જ્ઞાતિના મુખ પત્ર પ્રકાશ - સમીક્ષાં મા જાહેરાત રૂપે છપાવેલ છે માટે સમયસર મોકલવી આપવા વિનંતી છે.

6) ઉપરોકત ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી /વિદ્યાર્થીની ઓએ પોતાના માર્કશીટ ની સર્ટીફાઈડ ઝેરોકેસ નકલ ગામના મહાજનશ્રી અગર કાર્યકર્તા માઈત અગર સીધુ ટપાલમાં મોકલવા ભલામણ છે.

7) ઈનામોનું વિતરણ મહારાષ્ટ્ર એકમ ની જનરલ સભામાં જલગામ મુકામે તા 22/9/13 રવિવારે કરવામાં આવશે તે વખત ફકત હાજર રહેલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓનેજ ઈનામ આપવાંમા આવશે જેની નોંદ લેવા વિનંતી.

**કાર્યક્રમ સ્થળ-**
**રતનલાલ સી. બાફના (ગૌશાલા)**
**શ્રી અહિંસા તિર્થ**
**અજંતા રોડ, જલગામ**

ઈનામ વિતરણ સમિતી પ્રમુખ
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
**પ્રવિણકુમાર નરશીભાઈ દંડ** (મલકાપૂર)

## જનરલ સભાનું એજન્ડા

મહારાષ્ટ્ર એકમની જનરલ સભા રવિવાર 22 સપ્ટેંબર 13 જલગામ મુકામે બપોરના 1.30 કલાકે **પ્રમુખ શ્રી તિલોકચંદભાઈ નરશીભાઈ દંડ ના અધ્યક્ષતાંમા** નીચે મુજબના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલવવાંમા આવેલ છે. સર્વેને સમયપર હાજરી આપવા વિનંતી છે.

**વિષય**

1) પાછળની મિનીટ બુક વાંચીને કાયમ કરવી.
2) અહવાલ વાચન
3) ઑડીટ થયેલ તારીખ 31-3-13 સુધીના રીપોર્ટને મંજુરી.
4) 2013-2014 ના અંદાજ- પત્રકને મંજુરી તેમજ કારોબારીની મિટીંગમા લેવાયેલા નિર્ણયોને મંજુરી આપવી.
5) 2013-2014 નાં વર્ષ માટે ઓડીટરની નેમણૂક કરવી
6) વ્યકતી વિશેષોનુ સન્માન.
7) એકમના ઉત્કર્ષને અનુલક્ષીને ઉપસ્થીત સભ્યોનું માર્ગદર્શનપર વકતવ્ય
8) શૈક્ષણિક, ધાર્મિક તેમજ રમતગમત ક્ષેત્રે સફળ થયેલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઈનામ વિતરણ
9) પ્રમુખ સાહેબની મંજુરીથી ઐન સમયપર આવેલ વિષયોપર ચર્ચા વિચારણા તેમજ મંજુરી
10) કોરમના અભાવે મુલતવી રહેલ સભા તેજ દિવસે અડધા કલાકે પછી મળશે.

ટીપઃ- ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામા આવેલ છે.
નોંદઃ- વ્યવસ્થા સરળ થાય તે માટે આપનો મિટીંગના સ્થળે આવવાનો કાર્યક્રમ આઠ દિવસ પહેલા જલગામ એકમના સરનામે જણાવશોજી.

**કાર્યક્રમ સ્થળ-**
**રતનલાલ સી. બાફના (ગૌશાલા)**
**શ્રી અહિંસા તિર્થ**
**અજંતા રોડ, જલગામ**

લી.
શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
માનદ મંત્રી
**દિપક દામજી પોલડીયા (ફૈજપૂર)**

ટીપઃ 1) સામાન્ય સભાની મિટીંગમાં કોઈપણ ઠરાવ મુકવો હોય અને જે કોઈ પ્રશ્નો પુછવા હોય તે સર્વ લેખી માનદ મંત્રીશ્રીને મિટીંગની તારીખપહેલા આઠ દિવસ આગાઉ મળી જાય તે રીતે મોકલાવી આપવા વિનંતી
2) **કારોબારી સમિતીની મિટીંગ 21/9/2013 ના રાતના 8.00 કલાકે રાખવામાં આવેલ છે.**

## મહિલા મંચના કાર્યક્રમની રુપરેખા

21-9-2013 થી 22-9-2013

**તા. 21-9-13 વાર શનિવાર**

| | | |
|---|---|---|
| સવારના 9.30 થી 10.30 | - | **મહિલા મંચના સત્રનુ ઉદ્‌ઘાટન** |
| બપોર 10.30 થી 12.00 | - | **ડૉ. યોગીનીબેન મૈશેરીદ્વારા (OBESITY) ઉપર માર્ગદર્શન** |
| બપોર 1.30 થી 3.30 | - | **ડૉ. યોગીનીબેન મૈશેરીદ્વારા સ્ત્રી, સ્ત્રીત્વ અને જૈન દર્શન પર સંબોધન** |
| બપોર 3.30 થી 5.30 | - | છુટાછેડા કારણો- પરિણામ |
| રાત્રે 8.00 થી 11.00 | - | **હવે હું કર્યો જાઉ** આણા ઉપર નાટીકા **અગર**<br>કોઈ પણ થિમ પર નાટીકા, નૃત્ય, ગરબા (ટાઇમ લિમીટ ૧૫-૨૦ મિનીટ)<br>(સમય હશે તો ઢોલ રાંધ ની સ્પર્ધા લેવામા આવશે) |

**તા. 22- 9-13 વાર રવિવાર**

| | | |
|---|---|---|
| સવાર 7.30 થી 9.00 | - | મેંહેદી સ્પર્ધા (પોત પોતાનુ મેંહેદી કોન તથા મેંહેદી લગાવવા પાર્ટનર લઈઆવવુ) |
| સવાર 9.00 થી 11.00 | - | શ્રી સતિષ ડી મંડોરા દ્વારા "લક્ષ્ય" |
| સવાર 11.00 થી 12.00 | - | મહિલા મંચનુ સમાપન |
| બપોર 1.30 થી 4.30 | - | **મહારાષ્ટ્ર એકમ ની જનરલ મિટીંગ તથા ઈનામ વિતરણ.** |

**જલગામ સંપર્ક સુત્ર-** **ધનપતિભાઈ 9423185716 પ્રવિણભાઈ 9422779473**
**અશોકભાઈ 9422212250 પંકજભાઈ 9422776231**

કાર્યક્રમ આપવુ હોય તો તા. 01-9-13 સુધી સુચના મલકાપૂર પ્રાપ્ત થાય એમ મોકલવા વિનંતી જલગાવ આગમન ની સુચના પહેલા મોકલવા વિનંતી.ભોજનની વ્યવસ્થા કાર્યક્રમ સ્થળે રાખવામા આવેલ છે.

ટિપઃ 1) કાર્યક્રમમા ફેરફાર કરવાનું અધિકાર સમિતીને રહેશે.

મહિલા મંચ માનદ મંત્રી
**પ્રતિભા ભરતકુમાર દંડ** (મલકાપૂર)

મહિલા મંચ અધ્યક્ષ
**હીરાબાઈ ગોવિંદજી લોડાયા**(ખામગાંવ)

---

|| શ્રી સુમતિનાથાયનમઃ ||

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

### તા. 31-3-2013 ના દિવસે સમાપ્ત થયેલ વર્ષનો આવક જાવકનો હિસાબ

| જાવક | | આવક | |
|---|---|---|---|
| બેંક કમિશન | 50.00 | ફિક્સ ડીપૉઝીટ વ્યાજ | 201703.00 |
| સ્ટેશનરી પ્રિંટીગ | 1000.00 | તથા બેંક વ્યાજના | |
| ટ્રસ્ટના ઉદેશો અંગે ખર્ચ | 12000.00 | ડિવિડંડ | 70.00 |
| માનવ ઉત્કર્ષ | | આવક કરતા જાવક વધારે | 1502.00 |
| શૈક્ષણિક સહાયતા | 190235.00 | | |
| યુવા સંમેલન | | | |
| | 203285.00 | | 203285.00 |

### સરવૈયુ તા. 31-3-2013

| ફંડ અને જબાબદારીયો | | મીલકત | |
|---|---|---|---|
| આજીવન સભાસદ ફી | 159883.00 | રોકડા | 199.36 |
| માનવ ઉત્કર્ષ ફંડ | 253784.00 | ફિક્સ ડિપોઝીટ | 2159556.00 |
| મહિલા મંચ | 68131.00 | આયડીબીઆય સેવ્હીંગ ખાતે | 138952.61 |
| શૈક્ષણિક સહાયતા ફંડ | 1659036.82 | જનતા કમ.બેંક સેવ્હીંગ ખાતે | 32722.17 |
| યુવા પ્રેરણા ફંડ | 15745.00 | મલકાપૂર અર્બન બેંક સેવ્હીંગ ખાતે | 151423.00 |
| Corpus Fund | 327593.00 | મહેશ અર્બન બેંક સેવ્હીંગ ખાતે | 1690.00 |
| સાધર્મીક વૈધકિય સહાયતા | 11400.00 | શેઅર્સ જનતા કમર્શિયલ | 1000.00 |
| | 2495572.82 | Income Tax | 10029.68 |
| | | | 2495572.82 |

લી.
શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
ખજાનચી
**ઉત્તમચંદ દેવશીભાઈ દંડ (મલકાપૂર)**

તા. 31-3-2013

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય  કે તરત લખી મોકલવા વિનંતી.**

## સૌ. ચેતના હિતેશ મોમાયા



સૌ. ચેતના હિતેશ નરેન્દ્ર મોમાયા (જખૌ-જલગામ) બેંડમિંટન રમતમાં ૩૫ ઉપરના વયોગટ માટેની તુર્કસ્તાનનાં અંકારા શહેરમાં આયોજિત આંતરરાષ્ટ્રીય વ્હેટરન્સ વિશ્વચષક સ્પર્ધામાં ભાગ લેનાર ભારતીય ટીમમાં એક ખેલાડી તરીકે પસંદગી પામ્યા છે અને તેઓ આ સ્પર્ધામાં ભાગ લેવા ૭ સપ્ટેંબર ૧૩ના અંકારા જવા પ્રસ્થાન કરશે.

સૌ. ચેતનાબેન સને ૧૯૯૨થી ક્રિડા ક્ષેત્રે વિવિધ સિધ્ધિઓ પ્રાપ્ત કરતા રહ્યા છે. તેઓએ મહારાષ્ટ્ર સ્તરે બેડમિંટન અને લૉન ટેનિસ રમવા શરૂઆત કરી હતી. ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ માટે તેઓ વર્ષ ૧૯૯૫થી ૧૯૯૭ના માટે સંઘના કેપ્ટનપદે રહ્યા હતા. ૧૯૯૮ મધ્યે જોધપુર (રાજસ્થાન)માં રાષ્ટ્રીયસ્તરની બેંડમિંટન સ્પર્ધામાં ભાગ લીધેલ. સન ૨૦૧૨માં મુંબઈમાં રાજ્યસ્તરે આયોજિત બેંડમિંટન સ્પર્ધામાં ભાગ લઈને ખેલાડીઓમાં પ્રથમ ક્રમાંકે આવ્યાં. તેજ વર્ષમાં તેઓએ હરીદ્વારમાં યોજાયેલી રાષ્ટ્રીયસ્તરની સ્પર્ધામાં ભાગ લઈને બધા ખેલાડીઓમાં ૭મા ક્રમાંકનો કાબેલીયતનો દરજ્જો મેળવ્યો. સન ૨૦૧૩માં પુના આયોજિત ઓલ્ડ મોન્કસ બેંડમિંટન ટુર્નામેંટમાં તેઓ રનર્સ-અપ રહ્યા હતા. તેજ વર્ષમાં મુંબઈમાં આયોજિત રાષ્ટ્રીયસ્તરની બેંડમિંટન ટુર્નામેંટમાં ટીમ ઇંડીયા માટે ખેલાડીઓમાં ચોથા ક્રમાંકે કાબેલીયતનો દરજ્જો પ્રાપ્ત ક્ર્યો. મહારાષ્ટ્ર એકમ તરફથી તેઓને સળંગ ચાર વર્ષ રમતગમત ક્ષેત્રે વિશેષ સિધ્ધિ માટે સન્માનિત કરવામાં આવેલ. તાજેતરમાં રાજ્યસ્તરે યોજાયેલી ડૉ. જગદીશ પાટીલ મેમોરીયલ સ્પર્ધાઓના અમ્પાયર તરીકેના જવાબદારી સૌ. ચેતનાએ કુશળતાથી સંભાળી હતી. તેમજ સ્પર્ધાઓના સમારોહ પ્રસંગે તેઓને "International Player"ની ટ્રૉફી પ્રદાન કરવામાં આવેલ. તેમને સન ૧૯૯૬માં ‘‘બેસ્ટ સ્પોર્ટસ્ વુમન’’ તરીકે ‘‘કચ્છ શક્તિ’’ એવૉર્ડ આપવામાં આવેલ.

સૌ. ચેતનાબેન સમગ્ર જ્ઞાતિનાં પ્રથમ એકમેવ મહિલા છે જે રાષ્ટ્રીયસ્તરે ભારતીય ખેલાડી સદસ્ય તરીકે પસંદગી પામીને આંતરરાષ્ટ્રીય સ્તરે વિદેશમાં રમતની સ્પર્ધામાં સહભાગી થવાનો માન મેળવે છે. આ બાબત સમગ્ર જ્ઞાતિની મહિલાઓ માટે ઐતિહાસિક અને ગૌરવાસ્પદ બની રહે એવી છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.

## સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલી

ગ્રુપના ઉપક્રમે માનવતાના યજ્ઞરૂપ બીજી રક્તદાન શિબિર તેમજ નિઃશુલ્ક આંખોનું નિદાન કેમ્પ ૪.૮.૧૩ના સવારે ૯ થી ૫માં શેઠ શ્રી કે.બી. વીરા હાઈસ્કુલમાં સફળતાપૂર્વક યોજાઈ હતી. આ શિબિરમાં અંદાજે ૩૭૫ જણાંએ લાભ લીધેલ. તેમજ ૭૪ રક્તદાતાઓએ રક્તદાન કરેલ. કુલ ૨૩૫ જ્ઞાતિજનોએ આંખના ચેકઅપનો લાભ લીધેલ. આ શિબિરના દાતા માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી) Jash Marchantile LLP, માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર (વરાડીયા) Amba Shipping, અને માતુશ્રી મધુરીબેન જીવરાજ લોડાયા પરિવાર (ગોરખડી) RGL Trade & Impex Pvt.Ltd. હતા.

આ પ્રસંગે મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટી કચ્છ-ગુજરાતી સેલના પ્રમુખ શ્રી ભરતભાઈ ઘનાણી, ઉપપ્રમુખ શ્રી વિજયભાઈ દવે, સંગઠન સચિવ શ્રી રાજેશ લોડાયા, P.R.O. શ્રી બિપિનભાઈ પંચાલ તથા પદાધિકારીઓ કોંગ્રેસ (આઈ)ના શ્રી શૈલેન્દ્રભાઈ લાલકૃષ્ણ ભોઈર

## પાસ થયા – હાર્દિક અભિનંદન



**કુ. કાનન ચેતન રતાણી**
પુના
B.Com - 74.08%



**ચાંદની હરીશ લાપસીયા**
હૈદરાબાદ
B.Tech (E&C) 80.52%



**કેવલ લક્ષ્મીચંદ મોતા**
ડોંબિવલી
B.Com (B&I) 65.25%



**માનસી દિલીપ લાપસીયા**
મુલુન્ડ
IPCC (C.A)



**મોનાલી પ્રદીપ દંડ**
વડોદરા
CA



**કેવલ કુલીન લોડાયા**
ભાંડુપ
B.Com - 67%

(ડોંબિવલી), કાર્યકરો સર્વશ્રી નરેન્દ્ર શિયાલ, ચંપક જીવાણી, મહેન્દ્ર મોતા, અતુલ ધરમશી, રાયચંદ જીવાણી, રમેશ લોડાયા, મુકેશ લોડાયા, વિનય ધરમશી, કમલેશ શિયાડ, મંડળનાં પ્રમુખ શ્રી વિરેન્દ્ર લોડાયા, હરીશ શિયાડ, ભુપેન્દ્ર ડાઘા, અરવિંદ લોડાયા, દાતાશ્રી ગિરીશ બાબુલાલ લોડાયા (માટુંગા), સર્વ શ્રી પ્રવિણ લાપસિયા (મુલુન્ડ), તેજપાલ ધરમશી (મુલુન્ડ), શૈલેશ ખોના, બિપિનભાઇ ઘનાણી, ગીરીશ ડાઘા, વિપુલ માલદે આદિ પધારેલ. રક્તદાન કેમ્પ સેવા બ્લડ બેંક દ્વારા તેમજ આંખોનું નિદાન વાસન આઇ કેર (થાણા) દ્વારા કરવામાં આવેલ. આ માનવતાના કાર્યમાં પધારેલ જ્ઞાતિજનો, મહાનુભાવો, કાર્યકરો તેમજ દાતા પરિવારના સભ્યોના સહયોગથી સફળ થયો. ગ્રુપે સૌનો આભાર માનેલ આ શિબરમાં અનાથાશ્રમ માટે દાનપેટી રાખવામાં આવેલ જેમાં રૂા.૫,૫૦૦નો ફાળા એકત્ર થયેલ. ભવિષ્યમાં જેમને પણ રકતની જરૂર પડે તો ગ્રુપનો સંપર્ક કરવા જણાવાયું છે.

## ક.દ.ઓ. મહિલામંચ-અમદાવાદ

મંચ દ્વારા ૩.૮.૧૩ના ગોદરેજ કંપનીમાંથી માઇક્રોવેવનું ડેમો બતાવા આવેલ તેમણે કેક તથા હાંડવો ઓવનમાં બનાવતા શીખવાડ્યું. ચાર લક્કી ડ્રો કાઢેલ અને બે ગેમ્સ રમાડી બધાના ઈનામો એમના તરફથી હતા. કુ. એકતા જયંતીલાલ મોમાયા (બ્યુટીશીયન) મુંબઇથી પધારેલ અને એમણે બહેનોને અલગ અલગ રીતે સાડી પહેરવાનું શીખવાડ્યું. મહિલા મંચે સૌનો આભાર માનેલ છે. છેલ્લે નાસ્તો કરી સૌ છુટા પડેલ. મંચ દ્વારા આગામી કાર્યક્રમ રાસગરબા રાખવામાં આવેલ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુરત

મહાજનશ્રીના ઉપક્રમે માતુશ્રી દેવકુંવરબેન શામજી ધરમશી પરિવાર (કોઠારા) દ્વારા અનુદાનીત પાંચમો સ્નેહમિલન કાર્યક્રમ હોટલ એમ્બેસીમાં ૭૦ જેટલા જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં યોજાયો. સુરત, સચીન, નવસારી તથા બીલીમોરાના પરિવારોએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લઇ કાર્યક્રમનો સફળ બનાવેલ. નવકાર મંત્રપઠન કુ.પૂર્વી ગોસર તથા કુ. દિવ્યા ગોસરે કર્યું. મૈત્રીભાવનું ગીત કુ. પૂર્વી ગોસરે અને શ્રીમતી પુષ્પાબેન મૈશેરી દ્વારા 'ઇતની શક્તી હમે દેના' ભજન રજુ થયેલ.

શ્રી ચેતન દામજી નાગડા (નલીયા-બેલ્લારી) તથા ઉતરાંચલમાં થયેલ ભયંકર તારાજીમાં મૃત્યુ પામેલાઓને મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પેલ.

પ્રમુખશ્રીએ આવકાર આપી મહાજનની કાર્યવાહી અંગે માહિતી આપી. નવા સભ્યો તથા આમંત્રીતોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ.

જીવદયા માટે એકત્રીત થયેલ રૂા.૧૫૦૧/-નો ફાળો શ્રી પાંજરાપોળ ગૌશાળા ટ્રસ્ટને નલીયા મોકલી આપેલ તથા મહાજનશ્રીના ધાર્મિક કાર્યક્રમ શ્રી મહાકાળી માતીજીની ભાવના દ્વારા અંદાજે રૂા.૩૫૦૦/- જમા થયેલ. ડૉ. સપનાબેન ધરમશીએ ભૈરવી રાગપર આધારીત સરસ્વતી વંદના સહ શાસ્ત્રીય નૃત્ય રજુ કરેલ. નર્સરીથી લઇને ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવેલ.

શ્રી ગુલાબચંદ હીરજી છેડાને ત્યાં પૌત્રી જન્મ બદલ, શ્રી રાજેન્દ્ર વાલજી ગોસરની સુપુત્રી કુ. પૂર્વીના સગપણ બદલ તથા શ્રી હીરાલાલ વસનજી છેડાને ત્યાં દોહીત્ર જન્મની ખુશાલી બદલ મહાજનને વિશેષ અનુદાન ભેટ મળેલ. તે બદલ ઉપસ્થીત સભ્યોએ સૌને તાડીઓના ગડગડાટથી વધાવેલ.

શ્રી હીરાલાલ વસનજી છેડા પરિવાર દ્વારા મહાજનથી પ્રથમ ઐતીહાસીક ધાર્મિક યાત્રા કમ પીકનીક માટે આર્થિક અનુદાન માટે, માતુશ્રી દેવકુંવરબેન શામજી ધરમશી પરિવાર સ્નેહમિલનના દાતા બનવા બદલ, શ્રી કિરણભાઇ લાલજી પટેલ, બેંક ઓફ ઈન્ડિયામાં એ.જી.એમ.ની બઢતી મેળવવા બદલ અને દાતા પરિવાર સભ્યોનું શાલ, શ્રીફળ, માળાથી બહુમાન કરાયેલ.

ડૉ. સપના ધરમશી જૈન સોશ્યલ ગ્રુપ સિલ્ક સીટીમાં કારોબારી સમિતિમાં ચુંટાવા બદલ, શ્રી મનન જીગર છેડાને શાળામાં ગત વર્ષે ૧લા ધોરણમાં પ્રથમ આવવા બદલ તથા જુનીયર જેસીસ ઈન્ટરનેશનલ-સુરત આયોજીત ડ્રોઇંગ કોમ્પીટીશનમાં વીસ હજાર વિદ્યાર્થીમાંથી પ્રથમ તથા ૨ જા ધોરણના વિદ્યાર્થીઓમાં પ્રથમ આવેલ તે બદલ ઇનામ ટ્રોફી તથા સર્ટીફિકેટ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલીને
તેમના નૂતનીકરણ થયેલ
નવસજ્જ કાર્યાલય બદલ
હાર્દિક અભિનંદન...
- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

મેળવવા બદલ અને શ્રી હેમંત ધરમશીએ I.C.W.A.I. ના ઈન્ટર ગ્રુપમાં પાસ થવા બદલ અભિનંદન આપી સન્માનિત કરાયેલ.

કુ. પુર્વી ગોસર તથા કુ. રાશી ગોસર દ્વારા ફિલ્મી ગીત ગેમ તથા શ્રી જીગરભાઇ છેડા, શ્રી હરીશભાઇ ધરમશી તથા શ્રી મીકેશભાઇ છેડા દ્વારા હાઉસી તથા અંતાક્ષરી ગેમ રમાડવામાં આવેલ. શ્રી પરેશભાઇ ખોનાએ ખજાનચી તરીકે તથા શ્રી પિયુષભાઇ મોતાએ કાઉન્ટર પરની જવાબદારી સુંદર રીતે નિભાવેલ.

શ્રી કિરણભાઇ મૈશરીએ સુરત મહાજનના સહયોગ બદલ આભાર સાથે સંપર્ક જાળવી રાખવાનું જણાવેલ. આભાર વિધિ શ્રી મનોજભાઇ ગોસરે કરેલ તથા કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રવિણભાઇ ધરમશીએ કરેલ. સર્વે સભ્યો તથા આમંત્રિતો ચા-પાણી અલ્પાહાર બાદ સતત ચાર કલાક સ્નેહમિલન કાર્યક્રમ માણી છુટા પડ્યા.

## કોઇમ્બતુરમાં રવિવારીય શિબિર

કોઇમ્બતુર નગરે ચાતુર્માસની વસંત ખીલી ઉઠી છે. રવિવારીય શિબિરમાં તીરપુર-કોચીન-મદુરાઇ-ઇરોડ- ઉટી વગેરેથી ભાવિકો પધારે છે. મલકાપુરથી શ્રી ત્રિલોકચંદભાઇ દંડ, ભરતભાઇ દંડ ૧૦ દિવસ મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.ના સત્સંગ માટે પધાર્યા. તૃતિય શિબિર શ્રી કીર્તિભાઇ નરશી મોમાયા પરિવાર તરફથી રહી. પૂજ્યશ્રીએ ‘‘ઘર બચાવો-સંસ્કાર બચાવો’’ ઉપર ત્રણ કલાક સદષ્ટ્રાંત માર્ગદર્શન આપ્યું. પ્રશ્નોત્તરીએ રંગ જમાવેલ સિદ્ધિતપના પારણાદિની બોલીઓ થઇ. ૪૦ લાખના ચડાવા થયા. ૭૦ તપસ્વીઓ માટે પાંચ ગ્રામ સુવર્ણ પ્રભાવનાના દાતા નોંધાયા.

## કોઇમ્બતુરમાં અચલગચ્છનો ડંકો

રાજસ્થાન સુપાર્શ્વનાથ સંઘમાં મુનિશ્રી દેવરક્ષિતસાગરજી-તત્વરક્ષિતસાગરજીની નિશ્રામાં રંગ લાગ્યો છે. રવિવારીય બાળકોની શિબિરમાં ૬૦૦ બાળકો પરમાત્માના મહાઅભિષેક, ટીનીમીની પાઠશાળા, યુવાનો માટે રાત્રે પ્રવચન, નવકાર જાપ અભિયાન જોરથી ચાલે છે. બન્ને મુનિવરોની ૫૮/૪૨મી ઓળી ચાલે છે મુનિશ્રી મેઘરક્ષિત મ.સા.ની ૨૧મી ઓળી થઇ.

## શ્રી કે.ડી.ઓ. જી.વી.સી. લેડીઝ વીંગ

જી.વી.સી. લેડીઝ વીંગના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા ૨૬.૮.૧૩ના બપોરે ૨થી ૫નાં સ્વામીનારાયણ મંદિર હોલ, ૯૦ ફીટ રોડ, ગરોડીયા નગર, ઘાટકોપર (ઇ)માં યોજાઇ છે. સર્વેને સમયસર પધારવા આમંત્રણ છે.

## શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા મેડીકલ ચેકઅપ

મુંબઇ મહાજનશ્રી અંતર્ગત શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલીના સથવારે ડોંબિવલીમાં ૧૧.૮.૧૩ના બ્લુ બર્ડ સ્કુલમાં સવારે ૧૦થી ૬ દરમ્યાન જ્ઞાતિજનો માટે વિવિધ સ્વાસ્થ્ય તપાસણી કરાઇ હતી. આ મેડીકલ ચેકઅપ ટ્રસ્ટ દ્વારા માત્ર રૂા.૩૦૦ના પ્રતિક દરે કરવામાં આવી હતી.

મુંબઇની મેટ્રોપોલીસ લેબોરેટરી દ્વારા તપાસણી કરાઇ હતી. આ પ્રસંગે અગ્રણી દાતાશ્રી ભુપેન્દ્રભાઇ દંડ સપરિવાર પધારી સરસ્વતી દેવી તથા શેઠ નરશી નાથાને હારારોપણ કરી કેમ્પનું મંગલાચરણ કરાવેલ. મહાજનશ્રીના તથા મંડળના પદાધિકારીઓ-કાર્યકરો પધારેલ.

અંદાજે ૨૬૦થી અધિક જ્ઞાતિજનોએ આ શિબિરનો લાભ લીધેલ. મહાજનશ્રી, નરશી નાથા ટ્રસ્ટ અને મંડળના કાર્યકરોએ સુંદર વ્યવસ્થા જાળવી શિબિર સફળ બનાવેલ.

## નવું સાહસ

સૌ. કેતકી દિપેશ લહેરચંદ ડાઘા (વરાડીયા-ભાંડુપ) (સૌ. જશ્મીન અને શ્રી જયંત વી. છેડાના દીકરી) કેતકી ડાઘા એન્ડ એસો. નામે ચાટર્ડ એકાઉન્ટ્સ ફર્મ ૧૫.૮.૧૩ના એલ-૫૪, ડ્રીમ્સ ધ મોલ, એલ.બી.એસ માર્ગ, ભાંડુપ (વે) ખાતે શુભારંભ કરેલ છે. આ નવા સાહસના ઉદ્ઘાટન પ્રસંગે પરિવારજનો સગા-સંબંધીઓ, મહેમાનો, શુભેચ્છકો, મિત્રો આદી સારી સંખ્યામાં પધારી શુભેચ્છાઓ આપી હતી.

## ડોંબિવલી મંડળના નૂતનીકરણ કાર્યાલયનું ઉદ્ઘાટન

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના કાર્યાલયને નૂતનીકરણ-રંગરોગાણ નવું ફર્નીચર આદિથી સુશોભિત


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

કરાયું છે. જેનું પુનઃ ઉદ્‌ઘાટન મંડળના ૩૭મા જન્મદિને નૂતનીકરણના દાતા પરિવારોના શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા અને શ્રી કલ્પેશ માણેકજી મોતાના હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે ડોંબિવલી મંડળના ભુતપુર્વ પદાધિકારોઓ, કાર્યકરો, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ, આમંત્રિતો અને જ્ઞાતિજનોની બહોળી હાજરી રહી.

પૂ. મહારાજ સાહેબે માંગલિક સંભાળવી આશિર્વાદ આપેલ. પ્રમુખશ્રી વીરેન્દ્ર લોડાયાએ આવકાર આપેલ.

આ પ્રસંગે અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી, કચ્છ યુવક સંઘ સ્વસ્તિક ગ્રુપ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ અને અનેક શુભેચ્છકોએ કારોબારી ટીમને અભિનંદન આપી શુભેચ્છાઓ આપી. મંડળ તરફથી સૌને મીઠું મોઢું કરાવી અલ્પાહાર અપાયેલ. સાંજે મંડળમાં મહાકાલીની ભાવના રખાઇ હતી.

## ગુજરાતી મહિલા સેવા મંડળ-બેલ્લારી

મંડળની જુલાઇ-ઓગસ્ટની બેઠક સૌ. ઉષા પ્રવીણ શાહ તથા સૌ. નિર્મલા કેનિયાના ઘરે મિટીંગ રાખવામાં આવી. જેમાં "જાગો હિન્દુસ્તાની જાગો" કાર્યક્રમનું આયોજન કરવા વિષે ચર્ચા કરવામાં આવી. તે માટે મંડળના દરેક સભ્યને જવાબદારી સોપવામાં આવી. બ્લડ ડોનેશન કેમ્પ રાખવા વિચારણા કરવામાં આવી. મંડળ તરફથી દરેક સભ્યને યુનીફોર્મ રૂપે સાડી વિતરણ કરવામાં આવી.

કપલ ગેમ રમાડવામાં આવી. જેમાં સૌ. પ્રીતિ ચેતન મુનવર તથા સૌ. નીમા નરેન્દ્ર સાવલાને પ્રથમ તથા સૌ. ચાર્મી નિખિલ મૈશેરી, સૌ. હીના રાજેશ મુનવરને દ્વિતીય ઇનામ મળેલ. હાઊસી ગેમમાં પ્રથમ સૌ.ચંચળબેન દાસ તથા દ્વિતીય સૌ. જ્યોતિ ભરત મુનવર રહ્યા. મમરાને સૂઇ-દોરામાં પરોવવાની ગેમમાં પ્રથમ સૌ. જ્યોતી ભરત મુનવર તથા દ્વિતીય વિમલાબેન શાહ વિજયી રહ્યા અંતે સૌ જમીને છૂટા પડ્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન કચ્છ-એકમના ઉપક્રમે યુવા મહોત્સવ ૨૫.૧૨.૨૦૧૩થી ૨૯.૧૨.૨૦૧૩ સુધી સિટી સ્કેઅર, કુકમા (કચ્છ) મુકામે યોજવાનું નક્કી થયું છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયા

પર્યુષણ આરાધના માટે નલિયાવાસીઓની ૩૦.૮.૧૩ના સયાજી નગરી ટ્રેનથી જવા માટે તથા ૧૧.૯.૧૩ના કચ્છ એક્સપ્રેસથી પરત આવવાની ટિકીટો આવી ગયેલ છે. સંપર્ક : ફાલ્ગુન લખમશી ખોના - ૯૮૨૦૬૨૦૪૯૯, જયચંદ વિસનજી ધરમશી - ૯૯૬૭૦૮૭૬૧૧.

## કચ્છમાં તેલ-ગેસ ખનિજ ઉત્પાદન

કચ્છના અખાતમાં ભૂતકાળમાં અનેક કિંમતી ખનીજો, તેલ, ગેસ આદિ કુદરતી ખજાનો મળવા પુરી સંભાવના છે. જ્યાં જ્યાં શારકામ થયા છે ત્યાં ત્યાં અખુટ ભંડાર મળે તેવા સંકેતો છે. સરકાર ONGC મારફતે આ સમૃદ્ધિ બહાર લાવવા વિવિધ યોજનારૂપે કાર્યરત છે. નક્કર સ્વરૂપે સંશોધન થાય તો ઘણો કુદરતી ખજાનો મળવા સંભવ છે. જેના પર મોટા ઉદ્યોગસમુહોની મીટ છે.

અબડાસાના જખૌ-સુથરી પટ્ટામાં પણ ભરપુર ભંડારની શક્યતા છે. સરકાર અને ઉદ્યોગસમુહ આ માટે પ્રયત્નશીલ છે. જો આ બાબતે સઘન કાર્યવાહી હાથ ધરાશે તો કચ્છના ઉજ્વલ ભાવિના સ્વપ્નને વધુ સારી રીતે સાકાર કરી શકાશે.

## જૈન દેરાસરોમાંથી ચોરીઓ

મોંઘવારી, અછત અને બેકારીના કારણે ચોરીના બનાવો સહજ બન્યો છે. ખાસ કરી કચ્છના દેરાસરોમાંથી ચોરીના બનાવો વધ્યા છે. માંડવી જૈન આશ્રમના દેરાસરમાંથી ૧.૭૦ લાખની ચોરી થઇ છે. રાત્રે તાળા તોડી માલમતાની ઉઠાંતરી થઇ છે. સવારે પુજારી મંદિરે પહોંચતા તાળા તુટેલા જોતાં સત્તાવાળાઓએ ફરિયાદ નોંધાવી હતી. ધારાસભ્ય શ્રી તારાચંદ છેડા, ગૃહ રાજ્યમંત્રી અને આશ્રમની મુંબઇ ઓફિસે પણ ઉંડી તપાસ માટે જહેમત ઉઠાવી છે.

એવી રીતે વર્ધમાન નગર (ભુજ)ના દેરાસરમાં પણ આંગીના ઘરેણાં વગેરે લુંટાયા છે. આ પ્રકારે ચોરીઓ મધરાત પછી તાળા તોડીને થઇ છે. મંદિરોમાં પ્રભુજીની અંગરચના સજાવટના સોના-ચાંદી ઢોળ ચઢાવેલા આભુષણો ચોરાઇ જાય છે.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**નીતિન કીલાચંદ નાગડા** ૧૬ ભાવિપુત્ર, ત્રીજે માળે, ગુપ્તે રોડ, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨ ફોન : 9324874304

**લક્ષ્મીબેન જવેરચંદ મોતા** ૨૦૪, એસ.કે. પ્રાઇડ, દાવડી પેટ્રોલપંપ પાછળ, કલ્યાણશીલ રોડ, રીજેન્સી એસ્ટેટ પાસે, ડોંબિવલી (ઇ) ૪૨૧૨૦૩

**ભદ્રિક પુનશી મૈશેરી** વૉર્ડ ૯બી(ડી), પ્લોટ ૯, ૧લે માળે, હોટેલ એમ્પાયર સામે, ગાંધીધામ (કચ્છ) ૩૭૦૨૦૧

**ચંદ્રકાંત એમ. મોમાયા** સી-૧૬૦૪, જૉય હોમ્સ, કાસ્પીયા, પાયોનીયર કમ્પાઉન્ડ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે),મુંબઇ

**વિજય આર. ખોના** એ-૧૪૦૪ પોલારીસ, દિપમંદિર પાસે, જોન્સન કં઼ુ. સામે, એલ.બી.એસ. માર્ગ, મુલુન્ડ (વે), મુંબઇ-૮૦

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**સંજય જયચંદ લોડાયા** ડોંબિવલી **08286871965** **ચંદ્રકાંત એમ. મોમાયા** ભાંડુપ **09920788566**

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦.૭.૧૩ | નવીમુંબઇ | JKHF010103 | રિતીક-સ્વીટી/રાહુલ ચંદ્રકાંત હેફા (વીંઝાણી) | જખૌ | પુત્ર |
| ૧૦.૭.૧૩ | અમદાવાદ | ARKN010103 | હેમિશ-પરિતા/તિમીર મહેન્દ્ર ખોના | આરીખાણા | પુત્ર |
| ૯.૮.૧૩ | ડોંબિવલી | TRMT090203 | મનન-સોનમ/અંકિત પ્રફુલ મોતા | તેરા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩.૬.૧૩ | આદીપુર | SPSH010403 | વૈભવ લલીત વિરચંદ સાંયા | સુજાપુર | ૨૬ |
| | ગાંધીધામ | KRLO120312 | ચારૂલ મહેશ જવેરચંદ લોડાયા | કોઠારા | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦.૬.૧૩ | સોલાપુર | RYDD010401 | દિપક દામજી ત્રિકમજી દંડ | રાયધણજર | ૫૩ |
| ૨૯.૭.૧૩ | રાયપુર | JKMU020901 | સોનબાઇ કેશવજી ખીંયરાજ મુનવર (ચક્ષુદાન) | જખૌ | ૮૦ |
| ૧૧.૮.૧૩ | ડોંબિવલી | GOKN010601 | રતનબાઇ લાલજી કચરાભાઇ ખોના | ગોરખડી | ૮૯ |
| ૧૧.૮.૧૩ | મુલુંડ | RVLT01 | રિયા હિરેન પદમશી મુલજી લુઠીયા | રવા | ૦૮ |
| ૧૨.૮.૧૩ | ઘાટકોપર | TRLO120701 | કેશવજી દેવજી ભાણજી લોડાયા | તેરા | ૮૬ |
| ૧૨.૮.૧૩ | ભાંડુપ (મસ્કત) | BYGS012202 | ચેતના પ્રતાપ રતનશી ગોસર | બાયઠ | ૬૨ |
| ૧૩.૮.૧૩ | જલગામ | SDNG010101 | લીલાવંતી લક્ષ્મીચંદ કુંવરજી નાગડા | સાંધવ | ૭૦ |
| ૧૫.૮.૧૩ | બીડ | NLKN070201 | જયાબેન શાંતિલાલ ચત્રભુજ ખોના | નલીયા | ૭૩ |

## અગત્યની સૂચના

**'પ્રકાશ-સમીક્ષા' સાપ્તાહિક માટે દરેક મહાજનશ્રીએ/સંસ્થાએ કે સેવાભાવી જ્ઞાતિજને જ્ઞાતિને સ્પર્શતા સમાચારો, સાંસારિક નોંધ, ઉપયોગી માહિતી, લેખ, પ્રતિભા પરિચય વગેરે નિયમિત મોકલવા વિનંતી છે.**

**પ્ર.સ.નું ઇ-મેલ હવે kdoprakash@gmail.com છે. આપની માહિતી પુરા નામ-સરનામાં, ફોન, ઇમેલ, સહ નેટ માધ્યમે કે રૂબરૂ કે ટપાલથી મોકલી શકાશે. દર મંગળવાર સુધી મળેલ વિગત ચાલુ અંકમાં આવરી લેવા પ્રયત્ન કરાશે અન્યથા ક્રમશઃ પ્રકાશિત થશે.**

## હાર્દિક અભિનંદન

### લોડાયા તથા ખોના પરિવારનું ગૌરવ



**ચિ. નવદીપ પ્રિતી-ચંદ્રકાંત લોડાયા**

(સાંધવ-અમદાવાદ)

અમારા લાડલા ચિ. નવદીપ ચંદ્રકાંત લોડાયાએ **MBA (Finance)** ની ફાઇનલ પરીક્ષામાં 89.70%થી ઉત્તીર્ણ થઇ પરિવારનું નામ રોશન કર્યુ છે. અમે સર્વે પરિવારજનો તેના ઉજ્વળ ભવિષ્યની સાથે હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

**શુભાશિષ**

| | | |
|---|---|---|
| દાદી-દાદા | : | મણીબાઇ બાબુભાઇ લોડાયા |
| નાની-નાના | : | ધનલક્ષ્મી રાયચંદ ખોના પરિવાર |
| માતા-પિતા | : | પ્રિતી ચંદ્રકાંત લોડાયા |
| ભાઇ-ભાભી | : | અદિતી પ્રિયેન લોડાયા |
| ભાભી | : | ગુંજલ ગુલાબચંદ મૈશેરી |
| ફઇ-ફુઆ | : | ગીતા મનિષ દંડ • ભારતી અતુલ મોમાયા |
| ભાઇ-બહેન | : | આશિષ અને શ્રધ્ધા |

## હાર્દિક અભિનંદન !

### મોતા પરિવારનું ગૌરવ



**ચિ. નેહા મહેશ મોતા**

(જલગાંમ - કુવાપધ્ધર)

- ચિ. નેહા H.S.C.(Sci.) માં ૯૦.૮૩% માર્કસ્ સાથે જિલ્લામા **પ્રથમ.**
- C.E.T. - 2013 માં ૨૦૦ માંથી ૧૯૦ માર્કસ્ મેળવીને મહારાષ્ટ્ર રાજ્યમાં ૨૭ માં ક્રમાંકે-વિદ્યાર્થીનીમાં ૮ માં ક્રમાંકે અને ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ માં **પ્રથમ.** (ગણિતમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ્)
- કેંદ્ર સરકારની INSPIRE SCHEME અંતર્ગત **SHE** (Scholarship for Higher Education) માં **રૂા. ૪ લાખ**ની સ્કૉલરશીપ માટે **પાત્ર.**

ઉપરોક્ત શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવા બદ્દલ હાર્દિક અભિનંદન. તેમજ ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતી માટે અમારા અંતરની શુભેચ્છાઓ...

**શુભાશિષ**

| | |
|---|---|
| દાદી - દાદા | : અ.સૌ.ધનલક્ષ્મીબેન (ભચીબાઇ) કાંતીલાલ ભવાનજી મોતા |
| મમ્મી - પપ્પા | : અ.સૌ.અલ્કાબેન મહેશ કાંતીલાલ મોતા |
| લાડકવાયો ભાઇ | : ચિ. ભવ્ય મહેશ મોતા |
| ચાગલા ફુઇયા-ફુઆ | : અ.સૌ.દક્ષાબેન રાજેંદ્ર ઝવેરચંદ મોમાયા (જલગાંમ-બારોઇ) |

**પુણ્યસ્મરણ**

સ્વ.અ.સૌ. વેજબાઇ ભવાનજી ખીમજી મોતા (પટેલ) (કુવાપધ્ધર)

સ્વ.અ.સૌ.લાખબાઇ કાંતીચંદ ગોવિંદજી ખોના (સાંધવ)

## ધરમશી પરિવારનું ગૌરવ



અમારા પુત્રવધુ અ.સૌ. પૂનમ નીલાંજ ધરમશી (સુથરી-વાશી)એ **I.C.S. (Institute of Chartered Shipbrokers, London)** દ્વારા એપ્રિલ ૨૦૧૩માં લેવાયેલ પરીક્ષા પાસ કરેલ છે. એ સિધ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન. તમે જીવનમાં આમ જ પ્રગતિના પંથે આગળ વધતા રહો એવી શુભેચ્છા....

**શુભાશિષ**

માતુશ્રી ચંપાબાઇ ધનજી જેઠાભાઇ ધરમશી પરિવાર

અ.સૌ. નિર્મલા ભાલચંદ્ર ધરમશી (9320150953) • અ.સૌ. મનાલી પ્રીતેશ ધરમશી

**શુભેચ્છા**

અ.સૌ. અંજની પ્રસન્ના ધરમશી

ચિ. મીત, ચિ. જયદીપ, ચિ. સાગર, ચિ.ધનિષ્ઠા, ચિ. ચરવ અને ચિ. સેજલ

**JAI AMBE LOGISTICS (Reg. CHA No. 11/775)** ની સમગ્ર ટીમ તરફથી હાર્દિક શુભેચ્છા....

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 1day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## Congratulations



Ashika Devendra Momaya





Akash Devendra Momaya

Warm and heartiest congratulations to our daughter **Ashika**, who through her hardwork, determination and skills has reached the post of PRINCIPAL in SHRI GURU NANAK ENGLISH MEDIUM SCHOOL, KOTHARA (KUTCH) and to our son **Akash** who has successfully cleared C.A. - I.P.C.C. (both groups) examination.

**BLESSINGS**

MUMMY-PAPA : Smt. DAXABEN DEVENDRA KUNVARJI MOMAYA (PATEL) (VARADIYA)
DIDI - JIJAJI : Smt. RUPALI KULDIP KANTILAL KHIMJI NAGDA (RAJKOT)

## સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલીના ઉપક્રમે વ્યક્તિત્વ વિકાસ માટે 'પંખ આત્મવિશ્વાસના' સેમીનાર



દિપ-પ્રાગટ્ય કરતા શ્રી વિનય ધરમશી, રીટા શાહ તથા કિંજલ મારૂ



કાર્યક્રમનું સંચાલન કરતા શ્રી હિતેશ નાગડા તથા કુ. જીનલ લોડાયા



સેમીનારમાં પધારેલ શ્રી ચિમનભાઇ મોતા, કુ. બેલા મોતા, શ્રી ચંપક જીવાણી, શ્રી વિનય ધરમશી તથા નિતિન સાયલા



સેમીનાર પ્રસંગે પધારેલા ડોંબિવલીના કાર્યકરો



શ્રી નિતિન સાયલા દ્વારા ઉદ્‌બોધન



ઉપયોગી માર્ગદર્શન સેમીનારમાં વ્યસ્ત વિદ્યાર્થીઓ અને યુવાઓ

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**